પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૧૭૩, કુલ પાના:૪, તારીખ: ૧૭-૦૩-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 173 PRICE :-RS. 1.50 DATE : 17-03-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### મોટા પ્રોજેક્ટોના ફન્ડિંગ માટે નવી નેશનલ બેન્ક: મોદી કેબિનેટે આપી મંજૂરી

## તમામ બેન્કોનું ખાનગીકરણ નહીં થાય: સીતારમણનો ખુલાસો

ન્યુ દિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાનીમાં મંગળવારે કેન્દ્રીય કેબિનેટની બેઠક યોજાઈ હતી. કેબિનેટની આ બેઠકમાં એક નવી નેશનલ બેંકને બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પ્રોજેક્ટને ફંટ આપવાનું કામ કરશે. આ બેંકને 'વિકાસ નાણા સંસ્થાન' નામ આપવામાં આવ્યું છે.



કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે પ્રેસ કોન્ફરન્સમાં જાણકારી આપી કે સરકારે બજેટમાં આવી બેંક બનાવાની ઘોષણા કરી હતી. જેને હવે કેબિનેટે પણ મંજૂરી આપી દીધી છે. નાણા મંત્રી અનુસાર, નાણાકીય વિકાસ સંસ્થા દેશમાં મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટને ફંડ આપવાનું કામ કરશે. સરકાર અનુસાર નવી સંસ્થાને બિલકુલ શૂન્યથી શરૂ કરવામાં આવશે. હાલમાં એક બોર્ડનું ગઠન કરવામાં આવશે. જે આગળના નિર્ણયો લેશે. જોકે સરકાર તરફથી ૨૦ હજાર કરોડ રૂપિયાનું શરૂઆતનું ફંડ આપવામાં આવશે. પ્રેસ કોન્ફરન્સમાં જાણકારી આપવામાં આવી કે આ બેંક દ્વારા બોન્ડ જાહેર કરી તેમા રોકાણ કરવામાં આવશે. આગામી કેટલાક વર્ષોમાં ૩ લાખ કરોડ રૂપિયા એકઠા કરવાની આશા છે, તેમા રોકાણ કરનારાઓને ટેક્સમાં પણ રાહત મળશે. જેમાં મોટા સૉવરેન ફંડ, પેંશન ફંડ રોકાણ કરી શકે છે. પ્રેસ કોન્ફરન્સમાં જાણકારી આપવામાં આવી કે કોઈ પણ જૂની બેંક આ પ્રકારના મોટા પ્રોજેક્ટમાં ફંડિંગ કરવા માટે તૈયાર ન હતી. લગભગ ૬૦૦૦ ગ્રીન-બ્રાઉન ફીલ્ડ પ્રોજેક્ટ એવા છે. જેમા ફંડિંગની જરૂર છે. આ કારણ છે કે, આ પ્રકારની સંસ્થાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સરકાર અનુસાર બેંકના બોર્ડ મેમ્બરમાં ક્ષેત્રના લોકોને સ્થાન આપવામા આવશે.

નાણા મંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, તમામ બંકોનું ખાનગીકરણ કરવામાં નહીં આવે, અમે ઈચ્છીએ છીએ કે દેશમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા જેવી બેંકો બને. વિકાસ નાણાકિય સંસ્થાને આ આશા સાથે જ બનાવવામાં આવી છે. જે માર્કેટની ઉમ્મીદોને પૂર્ણ કરે. જે બેંકોની ખાનગીકરણ થઈ રહ્યું છે તેમના કર્મચારીઓના અધિકાર અને ભવિષ્યનું ધ્યાન રાખવામાં આવશે.

નાણા મંત્રી નિર્મલા સીતારમણે ખાનગીકરણના મામલે રાહુલ ગાંધીના આરોપનો પણ જવાપ આપ્યો, નિર્મલાએ કહ્યું કે તેમની દાદીએ ભલે બેંકોનું રાષ્ટ્રીયકરણ કર્યું હોય પરંતુ કોંગ્રેસે માત્ર ભ્રષ્ટાચારનું રાષ્ટ્રીયકરણ કર્યું છે. રાહુલ ગાંધીનું કામ માત્ર ને માત્ર આરોપો લગાવાનું છે.

## આજથી ચાર મહાનગરોમાં રાત્રે ૧૦થી સવારના ૬ વાગ્યા સુધી કર્ફ્યૂ

ગાંધીનગર,

ગુજરાત રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી દિવસે ને દિવસે વધી રહેલા કોરોનાના પગલે રાત્રી કરફ્યુની જાહેરાત કરવામાં આવી છે. રાજ્યના ૪ મહાનગરો અમદાવાદ, સૂરત, રાજકોટ અને વડોદરામાં રાત્રી કરફ્યૂની જાહેરાત કરવામાં આવી છે. આ નિર્ણયનો અમલ આવતી કાલથી અમલી બનશે. કોરોનાના કેસ વધતા અગાઉ ૨ કલાક માટે આપવામાં આવેલી છુટછાટ પાછી ખેંચવામાં આવી છે.

રાજ્ય સરકારે આવતી કાલ તા.૧૭ માર્ચ ૨૦૨૧થી ચાર મહાનગરો અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં રાત્રે ૧૦થી સવારે ૬ વાગ્યા સુધી રાત્રિ કરફ્યુનો અમલ કરવાનો નિર્ણય કર્યો છે. રાત્રિ કરફ્યુની આ વ્યવસ્થા ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી અમલમાં રહેશે. રાજ્ય સરકારે આ ચારેય મહાનગરોમાં મંગળવાર ૧૬ માર્ચ સુધી રાત્રિ કરફ્યુના સમયની અગાઉની વ્યવસ્થા એટલે કે રાત્રે ૧૨થી સવારે ૬ વાગ્યા સુધીની વ્યવસ્થામાં યથાવત રાખી છે.

અગાઉ ૨ કલાકની આપવામાં આવેલી છુટ પાછી ખેંચીને નવો નિર્ણય લેતા આવતીકાલે તારીખ ૧૭ માર્ચ ૨૦૨૧થી ચાર મહાનગરોમાં કરફ્યૂનો સમય વધારીને ૧૦ થી ૬ કરાયો છે. માટે આવતીકાલથી અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં રાત્રે ૧૦ થી સવારે ૬ વાગ્યા સુધી રાત્રિ કરફ્યુનો અમલ કરવાનો રહેશે છે. આજે કોર કમિટીની બેઠકમાં કોરોનાની સ્થિતિના આધારે રાત્રિ કર્ફ્યુનો નિર્ણય લેવાયો છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે આ ચારેય મહાનગરોમાં મંગળવાર ૧૬ માર્ચ સુધી રાત્રિ કરફ્યૂના સમયની અગાઉની વ્યવસ્થા એટલે કે રાત્રે ૧૨ થી સવારે ૬ વાગ્યા સુધીની વ્યવસ્થા યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે.

રાજ્યના આરોગ્ય મંત્રી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું છે કે કમનસીબે કોરોનાનાં કેસો વધ્યા છે. નીતિન પટેલે કહ્યું કે, કમનસીબે રાજ્યમાં કોરોનાનાં કેસો વધ્યા છે. આવતીકાલે પીએમ નરેન્દ્ર મોદી સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા બેઠક કરવામાં આવશે. આ ઉપરાંત તેઓએ સ્વીકાર કર્યો કે છ રાજ્યોમાં કોરોનાનાં કેસોમાં વધારો થયો છે. આ ઉપરાંત તેઓએ કબૂલ્યું કે કોરોનાનું સંક્રમણ દિવસે ને દિવસે વધી રહ્યું છે. કોરોના વાયરસના કેસો વધતાં સરકાર ચિંતિત છે. અને યોગ્ય પગલાં ભરવામાં આવી રહ્યા છે.

આ ઉપરાંત નીતિન પટેલે કહ્યું કે, આગામી સમયમાં કોરોનાનું સંક્રમણ ન વધે તે માટે સરકારની સાથે જનતાએ પણ સાવચેતી રાખવાની જરૂર છે. માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સનું કડક પાલન કરાવવું જોઈએ. અને જનતાએ પણ સમજવું જોઈએ કે ભીડભાડવાળી જગ્યાઓએ જવાનું ટાળવું જોઈએ.

આ પહેલા અમદાવાદ શહેરમાં વધી રહેલા કોરોનાના કેસોને કારણે ૮ વિસ્તારમાં રાતે ૧૦ વાગ્યા પછી હોટલ, રેસ્ટોરન્ટ, ખાણીપીણી બજાર, મોલ, ગલ્લા, ટી સ્ટોલ બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ અંગે ગઈકાલે મ્યુનિસિપલ કોર્પોરેશને નિર્ણય કર્યો કે જોધપુર, સાઉથ બોપલ, નવરંગપુરા, બોડકદેવ, થલતેજ, ગોતા પાલડી, ઘાટલોડિયા અને મણિનગરમાં રાતના ૧૦ વાગ્યા પછી હોટલ-રેસ્ટોરન્ટ બંધ રહેશે. તેમજ શહેરમાં માણેકચોક અને રાયપુર ખાણીપીણી બજાર પણ બંધ રહેશે.

## કોરોના કહેર: આજે વડાપ્રધાન મોદી તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક કરશે

ન્યુ દિલ્હી,

દેશ અને રાજ્યમાં વધેલા કોરોનાનાં કેસને લઈને કેન્દ્ર સરકારનાં કપાળે હવે ચિંતાની કરચલીઓ હવે પડી છે. કોરોનાનાં ત્રીજા સ્ટ્રેન વચ્ચે હવે દેશમાં કોરોનાનાં કેસને લઈ ઘટાડા પર તેમજ એક્શન પ્લાન પર પીએમ મોદી ૧૭ માર્ચે તમામ રાજ્યોના સીએમ સાથે બેઠક કરશે. કોરોનાના વધતા કેસ અને રસીકરણ મુદ્દે વર્ચ્યુઅલ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. બુધવારે બપોરે ૧૨.૩૦ કલાકે આ બેઠક મળશે. દેશમાં રોજના ૨૦ હજારથી વધુ કેસ આવતા કેન્દ્ર સરકાર એલર્ટ મોડ પર આવી ગયું છે.



દેશમાં કોરોના વાયરસ ફરી માથું ઊંચું કરી રહ્યો છે. કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. નવા કેસોના આંકડા જોઈએ ફરી સરકારની ચિંતા વધી ગઈ છે. આ જ કારણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૭ માર્ચે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યમંત્રીઓની બેઠક બોલાવી છે. મીટિંગ વર્ચુઅલ હશે અને બપોરે ૧૨:૩૦ વાગ્યે શરૂ થશે.

જણાવી દઈએ કે આ પહેલા વડાપ્રધાન મોદી મુખ્યમંત્રીઓ સાથે ઘણી બેઠકો કરી ચુક્યા છે. આ બેઠકમાં પીએમ મોદી કોરોના વધતા જતા કેસોની સાથે સાથે રસીકરણની ગતિની સમીક્ષા કરી શકે છે. સંભાવના છે કે બેઠકમાં વડાપ્રધાન મોદી કોરોના અને વેક્સિન અભિયાન પર રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે ચર્ચા કરી શકે છે.


જણાવી દઈએ કે એક દિવસમાં ભારતમાં કોવિડ -૧૯ ના ૨૬,૨૯૧ નવા કેસ આવ્યા બાદ સોમવારે દેશમાં કોરોના પોઝિટિવ લોકોની કુલ સંખ્યા વધીને ૧,૧૩,૮૫,૩૩૯ થઈ ગઈ છે.

જોકે, એવું નથી કે ફક્ત મહારાષ્ટ્રમાં પરિસ્થિતિ ચિંતાજનક છે. ઓછામાં ઓછા ૧૦ રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાં પાછલા એક અઠવાડિયામાં દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. કેરળ, ઓડિશા, ઉત્તરાખંડ અને ઉત્તર-પૂર્વ રાજ્યોને બાદ કરતાં, દેશના બાકીના ભાગોમાં દર્દીઓની સંખ્યામાં મોટો વધારો થયો છે. મહારાષ્ટ્ર સિવાય પંજાબ, કર્ણાટક, ગુજરાત, છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને તમિલનાડુમાં આ વધારો નોંધવામાં આવ્યો છે. હરિયાણા, આંધ્રપ્રદેશ, દિલ્હી અને ચંદીગઢમાં પણ થોડી વૃદ્ધિ જોવા મળી છે.

## રેલ્વેનું ક્યારેય ખાનગીકરણ કરવામાં આવશે નહિ: પિયૂષ ગોયેલની સ્પષ્ટતા

ન્યુ દિલ્હી,


વિપક્ષ લાંબા સમયથી કેન્દ્ર સરકાર પર આરોપ લગાવી રહ્યો છે કે તે ભારતીય રેલ્વેનું ખાનગીકરણ કરવાનો પણ પ્રયાસ કરી રહ્યું છે, જેના પર હવે પહેલીવાર રેલવે પ્રધાન પિયુષ ગોયલે લોકસભામાં નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું હતું કે ભારતીય રેલ્વેનું ક્યારેય ખાનગીકરણ કરવામાં આવશે નહીં અને તે હંમેશા ભારત સરકાર હેઠળ રહેશે. મુસાફરોને સારી સુવિધાઓ પૂરી પાડવા માટે ભારતીય રેલ્વે દ્વારા અર્થવ્યવસ્થા મજબૂત બનશે, ખાનગી ક્ષેત્રની રોકાણો આવા કામો માટે દેશના હિતમાં હશે, પરંતુ દુ:ખની વાત છે કે ઘણા સાંસદો સરકાર પર ખાનગીકરણ અને કોર્પોરેટરાઈઝેશનનો આરોપ લગાવે છે. ભારતીય રેલ્વેનું ક્યારેય ખાનગીકરણ કરવામાં આવશે નહીં અને હું ગૃહમાં પૂરા વિશ્વાસ સાથે આ કહું છું.



આજે ગૃહમાં ૨૦૨૧-૨૨ વર્ષ માટે રેલવે મંત્રાલયના નિયંત્રણ હેઠળની ગ્રાન્ટની માંગ અંગેની ચર્ચાના જવાબમાં, રેલવે મંત્રીએ કહ્યું કે અમારામાંથી કોઈએ ક્યારેય એવું કહ્યું નથી કે ફક્ત સરકારી વાહનો રસ્તા પર ચાલે છે, જ્યારે બંને ખાનગી છે અને સરકાર આર્થિક પ્રવૃત્તિઓને આગળ ધપાવો. રેલ્વે સરકારી સંપત્તિ હતી અને રહેશે, પરંતુ જો તેમાં કોઈ ખાનગી રીતે રોકાણ કરે છે, તો પછી કોઈએ તેમાં કોઈ દુષ્ટતા જોવી જોઈએ નહીં કે કોઈને વાંધો હોવો જોઈએ નહીં. આપને જણાવી દઈએ કે સોમવારે ગૃહમાં ચર્ચા દરમિયાન કોંગ્રેસના જસબીરસિંહ ગિલ, આઈયુએમએલના ઈટી મોહમ્મદ બશીરે તેમના નિવેદનો પર કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું હતું અને કહ્યું હતું કે સરકાર રેલવેનું ખાનગીકરણ કરવા માંગે છે.

લોકસભામાં બોલતા રેલવે મંત્રીએ કહ્યું કે આજે રસ્તા પર તમામ પ્રકારના વાહનો દોડે છે અને તે પછી જ પ્રગતિ થાય છે, પછી હું એક સવાલ પણ પૂછું છું કે રેલ્વેમાં કોઈ પ્રગતિ થવી જોઈએ નહીં. માલવાહક ટ્રેનો ચલાવવા માટે જો કોઈ ખાનગી રોકાણ કરે છે, તો આમાં શું નુકસાન છે?

## નેશનલ હાઈ-વે પર ૧લી એપ્રિલથી મુસાફરી માટે ટોલ ટેક્ષ વધશે



ન્યુ દિલ્હી,

નેશનલ હાઈવે પર ૧લી એપ્રિલથી મુસાફરી કરવા માટે તમારે તમારૂ ગજવુ હળવુ કરવુ પડશે. નેશનલ હાઈવે ઓથોરીટી ટોલના દરોમાં ૫ ટકા વધારો કરવાની તૈયારીમાં છે તો માસિક પાસની કિંમતમાં પણ ૧૦ થી ૨૦ રૂ.નો વધારો થશે. નેશનલ હાઈવે ઓથોરીટી દર નાણાકીય વર્ષમાં ટોલ ટેક્ષ વધારે છે. ફાસ્ટટેગ ફરજીયાત કર્યા બાદ ટોલ ટેક્ષમાં વધારાથી ટ્રાન્સપોર્ટરોની સાથે સાથે સામાન્ય લોકો પર પણ બોજો પડશે. નવા ભાવ ૧લી એપ્રિલથી તમામ ટોલ પ્લાઝા પર લાગુ કરી દેવામાં આવશે. જેને લઈને ફોરવ્હીલર અને તેનાથી મોટા વાહનોએ વધુ ટેક્સ આપવો પડશે. અત્રે નોંધનીય છે કે ઓથોરીટીએ ૨૦૦૮મા તમામ ટોલ પ્લાઝા પર ટેક્સ વધારવાની જોગવાઈ કરી હતી. ત્યાર બાદ નિયમ અનુસાર દરેક નાણાકીય વર્ષમાં ટોલ ટેક્સ વધે છે. ઓથોરીટીના વડાએ મંત્રાલયને રીપોર્ટ મોકલ્યો છે.

આ ઉપરાંત નિયમીત યાત્રિકોએ પણ ટોલના વધારેલા બોજાનો સામનો કરવો પડશે. માનવામાં આવે છે કે માસિક ટોલમાં પણ ૧૦થી ૨૦ રૂ.નો વધારો થશે.

## રાજ્યમાં સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોમાં મોટી સંખ્યામાં જગ્યાઓ ખાલી

ગાંધીનગર,

રાજ્યમાં ૮૩ સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજો છે. જેમાં વર્ગ-૧ની ૧૩, વર્ગ-૨ની ૧૭૭, વર્ગ-૩ની ૧૬૭ અને વર્ગ-૪ની ૧૫૪ જગ્યાઓ ખાલી છે. આમ, કોલેજમાં ૧,૨૬૪ જગ્યાઓ ભરાયેલી છે. જેની સામે ૫૦૬ જગ્યાઓ ખાલી છે. રાજ્યના વડોદરા, મહીસાગર, મોરબી જિલ્લામાં એક પણ સરકારી આર્ટસ કે કોમર્સ કોલેજ નથી.

રાજ્યમાં આવેલી ગ્રાન્ટેડ આર્ટ્સ-કોમર્સ કોલેજોની સંખ્યા ૨૬૩ છે. જેમા આચાર્યની ૬૫, અધ્યાપકની ૧,૫૮૬, પીટીઆઈની ૬૮, ગ્રંથપાલની ૧૨૬, વર્ગ-૦૩ ની ૧,૧૭૮ અને વર્ગ-૦૪ ની ૧,૩૦૧ જગ્યાઓ ખાલી છે. ખાલી જગ્યાઓ પૈકી ગ્રંથપાલ વર્ગ-૦૩ અને વર્ગ-૦૪ની ૬૦ ટકા કરતાં વધુ જગ્યાઓ ખાલી છે. સૌથી વધુ ખાલી જગ્યાઓ અમદાવાદ જિલ્લામાં છે.

રાજ્યમાં કુલ ૩૩ સરકારી વિજ્ઞાન પ્રવાહની કોલેજો આવેલી છે. જેમાં મોરબી, મહીસાગર, ખેડા, વડોદરા, આણંદ, પોરબંદર, નર્મદા, બોટાદ, દેવભૂમિ દ્વારકા, અમરેલી અને અરવલ્લી એમ ૧૧ જિલ્લામાં એક પણ સરકારી વિજ્ઞાન પ્રવાહની કોલેજ નથી. સરકારી વિજ્ઞાન પ્રવાહની કોલેજોમાં કુલ ૫૫૪ જગ્યા ખાલી છે, જે ૪૦ ટકા જેટલી થવા જાય છે. જેમાં તાપી, જુનાગઢ, બનાસકાંઠા, મહેસાણા, નવસારી, અમદાવાદ, ગાંધીનગર અને જામનગરમાં વધુ જગ્યાઓ ખાલી છે.

## નીટ-૨૦૨૧ની પરીક્ષા વર્ષમાં એક જ વાર લેવાશે: કેન્દ્રીય શિક્ષણમંત્રી

ન્યુ દિલ્હી,

કેન્દ્રીય શિક્ષણ મંત્રી રમેશ પોખરિયાલ નિશંકે નીટ પરીક્ષાને લઈ મહત્વની જાણકારી આપી છે. જાણકારી આપતા તેમણે કહ્યું કે નીટ ૨૦૨૧ની પરીક્ષા વર્ષમાં એકવાર જ લેવાશે. રમેશ પોખરિયાલ નિશંકે લોકસભામાં એક લેખિત જવાબમાં કહ્યું કે ૨૦૨૧માં નીટની પરીક્ષા માતેર એકવાર એનટીએ દ્વારા સંચાલિત કરાશે. એનટીએમાં સૂચિત કરાયું છે કે તેમને આ વિશે કોઈ સર્ક્યુલર નથી મળ્યું. હકીકતમાં કેટલાય દિવસોથી નીટની પરીક્ષા વર્ષમાં ૨ વખત યોજાશે તેવી અફવા ઉડી રહી હતી. હકીકત એ છે કે શિક્ષણમંત્રી રમેશ પોખરિયાલ નિશંકની જેઈઈ મેન્સ વર્ષમાં ૪ વખત આયોજિત કરવાની ઘોષણા બાદ નીટની પરીક્ષાને લઈ આવી અટકળો લગાવવામાં આવી રહી હતી. જો કે હવે શિક્ષણ મંત્રીએ સ્પષ્ટ કહી દીધું કે સરકારની આવી કોઈ યોજના નથી. મેડિકલ કોર્સમાં એડમિશન માટે પ્રવેશ પરીક્ષા વર્ષમાં એકવાર જ યોજાશે.

શિક્ષણમંત્રી રમેશ પોખરિયાલે કહ્યું કે નીટ ૨૦૨૧ની પરીક્ષા એકવાર જ આયોજિત કરાશે. કોરોનાને લઈ ડરવાની કોઈ વાત નથી. સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના પરામર્શથી શિક્ષણ મંત્રાલય અંતર્ગત નીટની પરીક્ષા આયોજિત કરાવાય છે.


## મોંઘવારીનો માર: સીંગતેલ, કપાસિયા તેલમાં રૂ.૪૦નો ભાવ વધારો

અમદાવાદ,

હાલમાં જ પેટ્રોલ અને ડીઝલની કિંમતો પ્રજાની કમર તોડી રહી છે. તો બીજી બાજુ ખાદ્યતેલનાં ભાવો પણ ગૃહિણીઓને રડાવી રહ્યા છે. અને ખોરાકના સ્વાદને બગાડી રહ્યો છે. હવે મોંઘવારીનો અસહ્ય માર પ્રજા પર પડી રહ્યો છે. અને ખાદ્યતેલના ભાવ ઓલટાઈમ હાઈ પહોંચી ગયા છે. સીંગતેલ, કપાસિયા તેલમાં રૂ.૪૦નો ભાવ વધારો થયો છે.

ખાદ્યતેલના ભાવમાં ભડકો થયો છે. ખાદ્યતેલ ના ભાવ ઓલટાઈમ હાઈ પહોંચી ગયો છે. સનફ્લાવરમાં ૬૦ રૂપિયાનો ભાવ વધારો થયો છે. જ્યારે કપાસિયા અને સીંગતેલમાં ૪૦ રૂપિયાનો વધારો થયો છે. જેના કારણે સીંગતેલના ડબ્બાનો ભાવ ૨૫૮૦ પર પહોંચ્યો છે. અને કપાસિયા તેલના ભાવ ૨૧૫૦ની આસપાસ પહોંચી ગયા છે. અને આગામી સમયમાં હજુ ૩૦૦૦ સુધી ભાવ પહોંચે તો નવાઈ નહીં.

ખાદ્યતેલનાં ભાવો રોકેટ ગતિએ પહોંચતાં સામાન્ય પ્રજામાં ભારોભાર રોષ જોવા મળી રહ્યો છે. અને ખાદ્યતેલની કિંમતો ક્યારે અંકુશમાં આવશે તેના પર હાલ સૌ કોઈની નજરો છે. તો સટોડિયાઓને કારણે પણ ભાવ વધારો થતો હોવાની ચર્ચા છે. ત્યારે સરકાર ક્યારે ખાદ્યતેલના ભાવો પર અંકુશ મેળવશે તે જોવું રહ્યું. બાકી સામાન્ય પ્રજાને તો કારમી મોંઘવારીમાં પિસાતા જ રહેવાનું છે.



કોરોના અંગે જનજાગૃતિ ફેલાવવા માટે સાયન સ્ટેશન નજીક અશોક કુર્મી અને તેના મિત્રોએ ૧૫/૧૨ ફૂટનું વિશાળ પેઈન્ટિંગ તૈયાર કર્યું હતું.

## ગુજરાત રાજ્ય વકફ બોર્ડ

ડૉ.જીવરાજ મહેતા ભવન,
બ્લોક નંબર ૮, ગાંધીનગર

વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬

વિષય "દારે અરકમ વકફ"

ઉપરોક્ત જણાવેલ વકફના મુતવલ્લી ઈરફાન હુસેન આલમ મુ.ચિખોદ્રા, જી.પંચમહાલ નાઓ એ મજકુર વકફના ઉદ્દેશો પુર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલ્કત વકફ જંગમ/સ્થાવર મિલ્કત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમુનામા દરખાસ્ત કરેલ છે. જે મિલ્કતની વિગત નીચે મુજબ છે.

| જીલ્લો અને તાલુકો | ગામ/મુ.પો./હે. | મિલ્કતનો પ્રકાર | સર્વે નં./મિલ્કત નં. |
|---|---|---|---|
| તા.ગોધરા, જી.પંચમહાલ | મુ.પો.ચિખોદ્રા | મકાન | મિલ્કત નં.૨૪૧૯ |


ઉકત જણાવેલ સ્થાવર મિલ્કત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર ની વિચારણા હેઠળ હોઈ આ સબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધાસૂચનો હોય તો તે દિન-૭ માં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરી ને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમય મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહિ મળે તો ઉકત જણાવેલ વકફના વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ,
ગાંધીનગર

મતદારોનો આભાર......

ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમ





તાલુકા પંચાયત ચૂંટણીમાં વાવડી(ખુર્દ) બેઠકથી અમને સાથ અને સહકાર આપ્યો અને જંગી મતોથી વિજય બનાવવા માટે તમામ સ્નેહીજનો શુભેચ્છકો મિત્રો અને મતદારોનો આભાર માનીએ છીએ...

સંજયકુમાર પ્રભાતસિંહ ડાભી
વાવડી (ખુર્દ)
તા.ગોધરા, જી.પંચમહાલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

## મહીસાગરમાં આજે ૭ પોઝિટિવ કેસ :
# જિલ્લામાં કોરોનાના કુલ ૨૧૬૦ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષના તથા સંતરામપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૨ પુરૂષના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૬-૦૩-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૨૧૬૦ કેસ પોઝીટીવ નોંધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૫ પુરૂષ અને સંતરાપુર તાલુકાની ૦૧ સ્ત્રીમ, ૦૧ પુરૂષ દર્દીએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લાકમાં અત્યાર સુધીમાં કુલ ૨૦૬૮ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે.

અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફ્લુ/ કોરોનાના કુલ ૧૩૯૦૨૩ રીપોર્ટનેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૬૮ વ્યક્તિઓને હોમ ક્વોરેન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૭ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૨૩ દર્દી હોમ આઈસોલેશન અને ૦૭ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૭ દર્દીઓ સ્ટેબલ અને ૧૦ દર્દીઓ ઓક્સિજન પર છે.

## વડોદરામાં કોરોના વેક્સિન લીધા બાદ સફાઈ કર્મીનું મોત..!

વડોદરા, વડોદરામાં કોરોનાથી સફાઈકર્મીનું મોત થયું હોવાનો મામલો સામે આવ્યો છે. જેમાં સફાઈ કર્મી કોરોના સંક્રમીત થતા સફાઈ કર્મી દ્વારા કોરોનાની રસી લેવામાં આવી હતી. જે વેક્સીન લીધા બાદ સફાઈ કર્મીને શ્વાસ લેવામાં તકલીફ થતા તેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન સફાઈ કર્મીનું મોત નીપજવા પામ્યું છે.

મળતી માહિતી મુજબ વડોદરામાં વોર્ડ નંબર ૪ માં ફરજ બજાવતો સફાઈ કર્મી કોરોના સંક્રમિત બન્યા બાદ તેને સારવાર અર્થે વડોદરાની કોવિડ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન સફાઈ કર્મીએ કોરોનાની વેક્સીન લીધી હતી. જે વેક્સીન લીધા બાદ સફાઈ કર્મીને રજા આપવામાં આવી હતી. ત્યારે અચાનક સફાઈ કર્મીને શ્વાસ લેવામાં તકલીફ થતા તેને ફરી સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

## સંતરામપુર નગરમાં કોરોનાનું સંક્રમણ વધતાં ચિંતાનો વિષય

સંતરામપુર, સંતરામપુર નગરમાં કોરોના ની સંખ્યા નું પ્રમાણ વધ્યું સંતરામપુર નગરમાં અલગ અલગ વિસ્તારોમાં ધીરે ધીરે કોરાનાનું પ્રમાણ વધતું જાય છે. નગરના પ્લોટ બજાર નવા બજાર મોટા બજાર કેટલાક ગોધરા ભાગોળ સહકાર દિપ સોસાયટી અલગ અલગ વિસ્તારોમાં સંખ્યાબંધ દર્દીઓ પોઝિટિવ કેસ આવતા ખાનગી હોસ્પિટલોમાં સારવાર કરવામાં આવી રહી છે પરંતુ હજુ સુધી કોરો કાબુમાં આવેલું નથી. જયાં દેખાય ત્યાં અલગ અલગ વિસ્તારોમાં પોઝીટીવ કેસ વધતા જાય છે. સંતરામપુરના અલગ ખાનગી હોસ્પિટલોમાં સારવાર કરતા હોય છે. જયારે કેટલાક દર્દીઓ ઘરે રહીને સારવાર કરાવી રહેલા છે, પણ સંતરામપુરમાં કોરોના ટેસ્ટ કરવાના બંધ થવાથી ખબર પડતી નથી. કોરોના ની સંખ્યા વધતી જાય છે આના કારણે સંતરામપુરમાં નગર કોરોના ગ્રસ્ત થઈ રહ્યું છે. સંતરામપુર નગરમાં ચારે બાજુ દુકાનોમાં બસ સ્ટેશન પ્રાઈવેટ વાહનો દરેક જગ્યાએ ટોળા અને ભીડ જોવા મળી રહી છે. સોશિયલ ડિસ્ટન્સનું પાલન થતું નથી માસ્ક વગર લોકો જોવા મળતા હોય છે. સરકારી તંત્રના નિયમોનું પાલન થતું નથી.

### છઠ્ઠા રાજ્ય કક્ષાના ઈનોવેશનમાં સંતરામપુર તાલુકાની
# સંત શિક્ષણાનુભવ પ્રા.શાળા રાજ્ય કક્ષાએ ઝળકતા વડોદરા જીલ્લાના જાંબુઆ ખાતે બે દિવસીય સેમિનારમાં ભાગ લીધો

સંતરામપુર, સંતરામપુર તાલુકાની સંત શિક્ષણાનુભવ પ્રાથમિક શાળાના ૬ થી ૮ના બાળકોના શિક્ષણ પર માઠી અસર ન પડે અને સમાજમાં કોરોના અંગે જાગૃતતા આવે,સમાજમાં બાળકો શિક્ષણ કાર્યમાં જોડાઈ રહે તેવા શુભાષયથી મારી શાળાના હેડ ટીચર હર્ષદભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વર્ષાબેન પ્રજાપતિ દ્વારા શાળામાં આદરેલા નવતર પ્રયોગ નીચે મુજબ છે.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

કોરોના મહામારી ને કારણે સમાજમાં ફેલાયેલ અંધવિશ્વાસ અને અજ્ઞાનતાની સમસ્યા. વેરાન બનેલી શાળાને કારણે શિક્ષણ તેમજ અભ્યાસથી વિમુખ થયેલા બાળકો તેમજ વાલીઓની સમસ્યા. મજૂરી અર્થે બહારગામ ગયેલા અને ફસાયેલા વાલીઓના બાળકોના શિક્ષણની સમસ્યા. નબળી આર્થિકપરિસ્થિતિના કારણે મોબાઈલ, ટીવી, જેવા સાધનો ન ધરાવનાર વાલીઓના બાળકોની શિક્ષણની સમસ્યા. પરિવારનો માળો જેવા શૈક્ષણિકપ્રોગ્રામમાં લીંક ખોલવી, Whatsapp નો ઉપયોગ, YouTube,QR કોડસ્કેનનો ઉપયોગ જેવા મોબાઈલ ઉપયોગની અણસમજની સમસ્યા. મજૂરી અર્થે બહારગામ ગયેલ વાલીઓ મોબાઈલ સાથે લઈ જતા હોવાથી વર્ચ્યુઅલ ક્લાસમાં બાળકો ન જોડાઈ શકવાની સમસ્યા. સવારે મદ્રસામાં જવાને કારણે શેરી શિક્ષણ નો લાભ ન લઈ શકતા મુસ્લિમ કોમનાબાળકોની સમસ્યા. શિક્ષણ અને અભ્યાસ પ્રત્યે નીરસ બનતા બાળકો તેમજ વાલીઓની સમસ્યા. આ સમસ્યાઓના સમાધાન માટે નીચે જેવા પ્રયત્નો કરવામાં આવ્યા. વ્યક્તિગત વાલી સંપર્ક. વ્યક્તિગત ફોન દ્વારા સંપર્ક. બહારગામ રહેતા વાલીઓનો ફોન દ્વારા સંપર્ક. કોરોના મહામારી થી વાલીઓને અવગત કરવા માટે ખાટલા બેઠક દ્વારા જનજાગૃતિ લાવવા પ્રયાસ.

મોબાઈલ ની સુવિધા ન ધરાવનાર બાળકો માટે શેરી શિક્ષણ. ટેકનોલોજી ઉપયોગ જેમ કે, Whatsapp, YouTube, હોમ લર્નિંગ પ્રોગ્રામ, QR કોડસ્કેન, વિડીયો કોલ દ્વારા શિક્ષણ આપવાનો કરેલો પ્રયાસ. વર્ચ્યુઅલ ક્લાસ દ્વારા શિક્ષણ. મજૂરી કરી રાત્રે ઘરે પરત ફરતાં વાલીઓના બાળકો માટે નાઈટ વર્ચ્યુઅલ ક્લાસ. વર્ચ્યુઅલ ક્લાસ દ્વારા બાળકોના બર્થ ડે ટીચર્સ ડે જેવા વિવિધ દિવસોની ઉજવણી. કોરોના મહામારીથી બચવા માસ્ક વિતરણ. વર્ચ્યુઅલ કલાસમાં જોડાવા બાળકોને ઈનામ વિતરણ દ્વારા પ્રોત્સાહન. મેં જાતે બનાવેલ ONLINE OPEN BOOK TEST દ્વારા વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને શિક્ષણ લેવા તેમજ અપાવવા માટે પ્રોત્સાહિત કર્યા. મારા નવતર પ્રયોગ થકી વાલીઓ અને વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોની પણ શિક્ષણ પ્રત્યેની રસ-રૂચિ મા વધારો થયો. મૌલવીની મુલાકાતના ફળસ્વરૂપે મુસ્લિમ સમુદાયના બાળકો પણ મદ્રેસા છુટયા બાદ શેરી શિક્ષણ માટે આવતા થયા. માસ્ક વિતરણ, નોટબુક-પેન વિતરણ, જેવા પ્રોત્સાહિત ઈનામો નાં ફળ સ્વરૂપે બાળકો ઉત્સાહિત થઈને શિક્ષણ લેવા માટે અભિપ્રેરિત થયા. "OPENBOOK ONLINE TEST " દ્વારા અંગ્રેજીશિક્ષણનો ડર દૂર થયો અને બાળકો મુક્ત મને ટેસ્ટ આપતા થયા. મારા સાહિત્ય નિર્માણના ફળ સ્વરૂપે ધો-૬ના બાળકો અંગ્રેજી તરફ વળ્યા. E-Certificate દ્વારા બાળકો ઈ-લર્નિંગ પ્રત્યે આકર્ષિત થયા. ફરતા પુસ્તકાલયનો લાભ સંત ગામના વાલી, વિદ્યાર્થીઓ, તેમજ મારા સંતરામપુર ગામના મારા ફળિયાના બાળકોએ લીધો. Online ટેસ્ટનો લાભ મારા ગામની શાળાઓ તેમજ લુણાવાડા, ખાનપુર તેમજ અન્ય તાલુકાની સરકારી તેમજ ખાનગી શાળાના બાળકોએતેમજ શિક્ષકોએ લીધો. મારી YouTube ચેનલ નો લાભ સંતરામપુર, લુણાવાડા, શહેરા, ખાનપુર જેવા તાલુકાના સરકારી તેમજ ખાનગી શાળાના વિદ્યાર્થીઓએ લીધો.

# મોરવા હડફ વિધાનસભા બેઠક માટે ચૂંટણી જાહેર : ૧૭ એપ્રિલે મતદાન

મોરવા(હ), મોરવા હડફ વિધાનસભા બેઠકની ચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવી છે. મોરવા હડફ વિધાનસભા બેઠકની ચૂંટણી ૧૭ એપ્રિલે યોજાશે. આ બેઠક પર અપક્ષ તરીકે ચૂંટાયેલા ભૂપેન્દ્ર ખાંટનું જાન્યુઆરી મહિનામાં લાંબી માંદગી બાદ અવસાન થયું છે. જે બાદ આ બેઠક ખાલી પડી રહી છે.

પંચમહાલ જિલ્લાની આદિવાસી અનામત બેઠક મનાતી મોરવા હડફ પરથી અપક્ષ તરીકે ચૂંટાયેલા ભૂપેન્દ્ર ખાંટના ધારાસભ્ય પદને લઈને વિવાદ થયો હતો. જેમાં ભૂપેન્દ્ર ખાંટના જાતિ પ્રમાણ પત્રને લઈને હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. આ બેઠક પર ઉપર ભાજપના ઉમેદવારે અપક્ષ ઉમેદવાર તરીકે ઉભેલા ભૂપેન્દ્ર ખાંટ આદિવાસી નહીં હોવાનો આક્ષેપ કર્યો હતો.

ભૂપેન્દ્ર ખાંટ વિરૂદ્ધ જાતિ પ્રમાણપત્રને લઇને કોર્ટમાં કેસ ચાલી રહ્યો હતો. જેના પગલે વિધાસભામાં અદયક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ મોરવા હડફના અપક્ષ ધારાસભ્ય ભૂપેન્દ્ર ખાંટ સામે કાર્યવાહી કરી તેમને સસ્પેન્ડ કર્યા હતા.

# કોરોના રિટર્નઃ મહારાષ્ટ્રમાં રેસ્ટોરન્ટ-હોટેલ બંધ, પંજાબમાં પરીક્ષાઓ રદ



મુંબઈ/ચંડીગઢ, મહારાષ્ટ્રમાં કોરોના વાયરસો કહેર સતત વધી રહ્યો છે. કોરોનાના દરરોજના આંકડાઓ ચિંતામાં વધરો કરી રહ્યા છે. જેને લઈને મહારાષ્ટ્ર સરકાર ફરીથી પ્રતિબંધો લગાવી રહી છે. નાગપુરમાં લોકડાઉન લાગુ થયું છે તો અનેક જિલ્લામાં નાઈટ કર્ફ્યુ લગાવવામાં આવ્યો છે. આ બધા વચ્ચે મહારાષ્ટ્ર સરકારે કોરોનાને રોકવા માટે નવી ગાઈડલાઈન જાહેર કરી છે.

જેની અંદર કહેવામાં આવ્યું છે કે રાજ્યમાં હવે રેસ્ટોરન્ટ, હોટેલ, મલ્ટીપ્લેક્સ ૫૦ ટકા ક્ષમતા સાથે શરુ રહેશે. આ સિવાય મોલની અંદર તમામ લોકોએ માસ્ક પહેરવું અને સોશિયલ ડિસ્ટન્સ જાળવવુ પડશે. નિયમોનું પાલન કરાવવા માટે મોલની અંદર વધારે કર્મચારીઓને તહેનાત કરવાના રહેશે.

આ સિવાય આ નવી ગાઈડલાઈનમાં સરકારે કન્ટેન્ટમેન્ટ ઝોનમાં લગાવેલા પ્રતિબંધોને ૩૧ માર્ચ સુધી વધારી દીધા છે. લગ્ન સમારોહની અંદર મહેમાનોની સંખ્યા પર ફરીથી કોરોનાનું ગ્રહણ લાગ્યું છે.

મહારાષ્ટ્રમાં લગ્ન પ્રસંગ માટે હવે માત્ર ૫૦ લોકો જ સામેલ થઈ શકશે. તો તમામ પ્રકારના સામાજિક, સાંસ્કૃતિક, રાજનૈતિક અને ધાર્મિક કાર્યક્રમો પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

નવી ગાઈડલાઈન પ્રમાણે અંતિમ સંસ્કારમાં ૨૦ કરતા વધરે લોકો સામેલ થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે રવિવારે મહારાષ્ટ્રમાં ૧૬૬૨૦ નવા કેસ સામે આવ્યા છે. ત્યારબાદ ફરી વખત સરકાર એક્શન મોડમાં આવી છે.

મહારાષ્ટ્રમાં કોરોનાના નવા કેસ સામે આવતા જ ફરી વખત સરકાર એક્શન મોડમાં આવી છે. મહારાષ્ટ્રમાં કોરોનાની મહામારીનો પ્રકોપ વધતો હોવાથી રાજ્ય સરકાર ચિંતામાં પડી ગઈ છે. સંપૂર્ણપણે લોકડાઉન મૂકવામાં બદલે સરકાર આકરા પ્રતિબંધો મૂકવાની નીતિ અપનાવી રહી છે. જેને અનુંસંધાનમાં ઉપર્યુક્ત નવી કોરોના ગાઈડલાઈન્સ જાહેર કરવામાં આવી છે.

# દેશમાં કોરોનાની ત્રીજી વેક્સિનને ઈમરજન્સી મંજૂરી મળે તેવી શક્યતા

ન્યુ દિલ્હી, ભારતમાં ફરી એક વખત કોરોનાના કેસ ઝડપભેર વધી રહ્યા છે ત્યારે દેશમાં કોરોનાની ત્રીજી વેક્સીનને પણ ઈમરજન્સી ઉપયોગ માટે તાત્કાલિક મંજૂરી આપવામાં આવી શકે છે.

ઉલ્લેખનીય છે કે, હાલમાં ભારતમાં બે વેક્સીનને મંજૂરી અપાઈ છે અને તે લોકોને મુકવામાં આવી રહી છે ત્યારે રશિયાની સ્પૂતનિક વી વેક્સીનના ઉપયોગ માટે તાજેતરમાં જ સરકારની મંજૂરી માંગવામાં આવી હતી.

જોકે અત્યાર સુધી ભારતના ડ્રગ કંટ્રોલર દ્વારા આ વેકસીનને મંજૂરી આપવામાં આવી નથી.બીજી તરફ આ વેક્સીનની ત્રીજા તબક્કાની ટ્રાયલ પણ પૂરી થઈ ચુકી છે અને તેમાં ૧૫૦૦ લોકોને સામેલ કરવામાં આવ્યા હતા.આ પરિક્ષણનુ રિઝલ્ટ વહેલી તકે જાહેર કરાશે.

જોકે રશિયામાં આ વેક્સીન લોકોને અપાઈ રહી છે.અહીંયા તેની ટ્રાયલમાં તે ૯૧ ટકા અસરકારક હોવાનુ સાબિત થયુ હતુ.રશિયાની આ ટ્રાયલમાં ૧૯૦૦૦ જેટલા સ્વયંસેવકોને સામેલ કરવામાં આવ્યા હતા.રશિયામાં આ વેક્સીન ૩૫ લાખ લોકોને બે ડોઝ સ્વરુપે અપાઈ ચુકી છે.

હવે જ્યારે ભારતમાં કોરોના ઝડપથી ફેલાઈ રહ્યો છે ત્યારે રસીકરણમાં ઝડપ લાવવા માટે ભારત ત્રીજી રસી તરીકે રશિયાની વેકસીનને બહુ જલ્દી મંજુરી આપશે તેવી અટકળો શરુ થઈ છે.

## ૧૩ માસની માસૂમ બાળકી પર ખેતર માલિકે દુષ્કર્મ આચરતા ખળભળાટ મચ્યો

બનાસકાંઠા, બનાસકાંઠા જિલ્લામાં દુષ્કર્મનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જિલ્લાના લાખણી પંથકના એક ગામના ખેતરમાં કામ કરતા ભાગ્યા પરિવારની ૧૩ માસની માસુમ બાળકી પર ખેતરના જ આધેડ માલિકે દુષ્કર્મ ગુજારતા ચકચાર મચી જવા પામી છે. સમગ્ર પંથકના લોકો ખેતર માલિક સામે ફિટકાર વરસાવી રહ્યાં છે. સમગ્ર મામલે આગથળા પોલીસ મથકે ખેતર માલિક સામે ગુન્હો નોંધાતા પોલીસે ખેતર માલિકની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે.

આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે બનાસકાંઠા જિલ્લામાં વધુ એક માસુમ ફુલ જેવી બાળકી આધેડની હવસનો શિકાર બની છે. બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકામાં ભાગીયા તરીકે રહેતા એક પરિવારની ૧૩ માસની માસુમ બાળા ઘોડિયામાં સુતી હતી અને તેની માતા છાશ લેવા ગઈ તે સમયનો લાભ લઈ ખેતરના આધેડ માલિક હીરા ચેલા રબારી રહે.(ખેરોલ)એ આ બાળકી સાથે દુષ્કર્મ ગુજારી દીધું અને ત્યારબાદ પરત ઘોડિયામાં મુકવા જતા બાળકીની માતા આવી ગઈ હતી.

જો કે શખ્સ બાળકીને ઘોડિયામાં મૂકી જતો રહ્યો હતો, પરંતુ ઘોડિયામાં રોતી બાળકીને તેની માતાએ સ્થિતિને જોતા જ ચોંકી ઉઠી હતી. માતાએ બાળકીની આ સ્થિતિ વિશે તેના પરિવારને જાણ કરી હતી. જો કે બાળકીની હાલત લથડી જતા પરિવાર આગથળા પોલીસ મથકે પહોંચી બાળકી સાથે ખરાબ કૃત્ય થયું હોવાની જાણ કરી હતી. બાળકીના પરિવાર દ્વારા આધેડ હીરા રબારી સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાવાતા આગથળા પોલીસે ગણતરીના કલાકોમાં જ હીરા રબારીને ઝડપી લીધો છે.

પોલીસે હિરા રબારીને ઝડપી તેનો કોરોના રિપોર્ટ કરાવતાં નેગેટિવ આવ્યો છે અને હવે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. જોકે આ સમગ્ર મામલે હવસખોર આધેડ હીરા રબારીના અગાઉ છૂટાછેડા થઈ ગયેલા હોવાથી પત્ની ન હોવાનું સામે આવ્યું છે. જોકે આરોપી હીરા રબારીના આ કૃત્યને લઈ સમગ્ર જિલ્લાના લોકો હીરા રબારી સામે ફિટકાર વરસાવી રહ્યા છે તો ઠેર ઠેર લોકો આવા હવસખોરને ફાંસીની સજા આપવાની પણ માંગ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૧૭-૦૩-૨૦૨૧, બુધવાર, ફાગણ સુદ-ચોથ, સૂર્યોદય-૬-૨૯, સૂર્યાસ્ત-૬-૩૦, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મેષ (અ.લ.ઈ.), નક્ષત્રઃ અશ્વિની

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ
તા.૧૭.૦૩.૨૦૨૧ બુધવાર

મેષ(અ.લ.ઈ.) :- તમારી મહેનત જરૂર સફળતા અપાવશે નવી યોજનામાં અનુકુળતા અંધશ્રધ્ધાથી દૂર રહેજો.
વૃષભ(બ.વ.ઉ.) :- કર્મચારી વર્ગનો સહકાર મલવાનો. વિદેશથી લાભ મિત્રો સાથે પ્રવાસનું આયોજન થાય. નોકરીમાં કાર્યભાર રહે.
મિથુન(ક.છ.ઘ.) :- તમારા ધ્યેયને યોગ્ય દિશામાં વાળવાથી સફળતા મલવાની. આત્મવિશ્વાસ કેળવવો. પ્રવાસથી લાભ રહે.
કર્ક(ડ.હ.) :- સામાજીક સ્તરે તમો છપાયેલા રહેવાના નોકરીમાં લાભ સીઝનલ ધંધામાં અનુકુળતા રહે. માતુશ્રીનો સહકાર રહે.
સિંહ(મ.ટ.) :- હરીફો ઉપર વર્ચસ્વ વધવાનું નોકરીમાં પ્રમોશનના ચાન્સ રાજકીય લાભ મલવાનો. મિલ્કતથી લાભ રહેશે.
કન્યા(પ.ઠ.ણ.) :- સીઝનલ ધંધામાં અનુકુળતા રહેવાની પિતાશ્રીનો સહકાર સાર રહે. યાત્રા પ્રમાણમાં અનુકુળતાઓ રહેશે.
તુલા(ર.ત.) :- માનસીક અશાંતિ માટેના કારણો જાણવાની કોશીષ કરવી જરૂર શાંતી મલશે. વાણી ઉપર સંયમ રાખવો પ્રવાસ થાય.
વૃશ્ચિક(ન.ય.) :- ઉત્સવ મોજ વસ્તીમાં સમય ન બગડાતા તમારા કાર્યોને વળગી રહેજો વિદેશ જવાની તક માટે સારો સમય રહે.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- આર્થિક લાભ મેળવવાના તમારા પ્રયત્નો ફળવાના જેમાં શંકા ન રાખતા સામાજીક પ્રતિષ્ઠા જળવાઈ રહેશે. મિલકતથી લાભ.
મકર(ખ.જ.) :- પરમાત્માની કૃપા હશે તો દરેક અધરા કાર્યોમાં પણ સફળતા મેળવશો તે ન ભુલતા. મિત્ર વર્તુળોનો સહકાર સારો રહેશે.
કુંભ(ગ.શ.સ.) :- વહેવારૂ અભિગમ અપનાવજો શેર સટ્ટામાં લાભ રહેશે. યાત્રા પ્રવાસમાં અનુકુળતા રહેશે. તબીયત બાબત જાળવવું.
મીન(દ.ચ.ઝ.) :- અંગત વિચારોને વળગી રહેજો. અહિ તમારા વિચારો તમારી જીવનશૈલીને અનુરૂપ હોવા જોઈએ નોકરીમાં કાર્યભાર રહે.

### કોરોનાના એક્ટિવ કેસનો આંકડો સવા ૨ લાખની નજીક પહોંચ્યો
# ભારતમાં કોરોનાએ ગતિ પકડીઃ ૨૪ કલાકમાં ૨૪ હજારથી વધુ પોઝિટિવ કેસ નોંધાયા




ન્યુ દિલ્હી, ભારતમાં માર્ચની શરૂઆતથી જ કોરોના વાયરસના કેસોમાં ઝડપથી વધારો જોવા મળી રહ્યો છે. એવુ કહેવામાં આવી રહ્યુ છે કે ભારતમાં કોરોના વાયરસની આ બીજી લહેર છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રી દ્વારા જાહેર કરેલ મંગળવાર(૧૬ માર્ચ)ના આંકડા મુજબ ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૨૪,૪૯૧ નવા કેસ સામે આવ્યા છે. વળી, છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૧ લોકોના મોત થયા છે. એક દિવસમાં સામે આવેલ ૨૪,૪૯૨ નવા કોવિડ-૧૯ કેસો બાદ દેશમાં કુલ કોરોના સંક્રમિતોના પૉઝિટીવ કેસોની સંખ્યા ૧,૧૪,૦૯,૮૩૧ થઈ ગઈ છે. વળી, દેશમાં હવે કોરોનાથી મરનારની સંખ્યા ૧,૫૮,૮૫૬ થઈ ગઈ છે.

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૨૦,૧૯૧ લોકો રિકવર થઈને હોસ્પિટલથી ડિસ્ચાર્જ કરી દેવામાં આવ્યા છે. દેશમાં કોરોનાના સક્રિય કેસોની કુલ સંખ્યા હાલમાં ૨,૨૩,૪૩૨ છે. વળી, કોરોનાથી રિકવર થનાર લોકોની કુલ સંખ્યા ૧,૧૦,૨૭,૫૪૩ થઈ ગઈ છે.

દેશમાં ૧૬ માર્ચ સવારે ૮ વાગ્યા સુધીના આંકડા મુજબ અત્યાર સુધી ૩,૨૯,૪૭,૪૩૨ લોકોને કોરોના વાયરસની વેક્સીન લગાવવામાં આવી છે. દેશમાં કોરોના વેક્સીનેશન રાઉન્ડ-૨ની શરૂઆત ૧ માર્ચથી થઈ છે. રસીકરણ અભિયાનના બીજા તબક્કામાં ૬૦ વર્ષથી વધુ અને ૪૫ વર્ષથી વધુ જે કોઈ ગંભીર બિમારીથી પીડિત છે તેમને વેક્સીન આપવામાં આવી રહી છે. ૧૫ માર્ચ મુજબ મંગળવારે નવા કોરોના કેસોમાં ઘટાડો નોંધવામાં આવ્યો છે.

ભારતમાં ૧૫ માર્ચે એક દિવસમાં કોરોનાના ૨૬,૨૯૧ નવા કેસ સામે આવ્યા હતા અને ૧૧૮ લોકોના મોત થયા હતા. ભારતમાં છેલ્લા લગભગ એક સપ્તાહમાં કોરોનાના ૨૦ હજારથી વધુ કેસ સામે આવી રહ્યા છે. ભારતમાં કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત મહારાષ્ટ્ર છે. દેશમાં સંક્રમણના કેસોમાંથી ૬૧ ટકા કેસ માત્ર મહારાષ્ટ્રના છે. મહારાષ્ટ્ર ઉપરાંત ભારતમાં પંજાબ, મધ્ય પ્રદેશ, ગુજરાત, કર્ણાટક, તમિલનાડુ, હરિયાણા, દિલ્લી અને આંધ્ર પ્રદેશમાં કોરોના ઝડપથી ફેલાઈ રહ્યો છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદના અંતરિયાળ ગામોમાં આરોગ્ય ટીમ અને પોલીસે માસ્ક વગર ફરતા ધંધો કરતાં વ્યકિત સામે કાર્યવાહી કરી

દાહોદ,

દાહોદ જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી કોરોના સંક્રમણના કેસોમાં એકાએક વધારો થતાં જિલ્લા આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે. ત્યારે ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં આરોગ્ય ટીમ અને પોલીસ ટીમની સંયુક્ત કામગીરીમાં નગરમાં માસ્ક વગર ફરતાં અને વેપાર ધંધો કરતાં વ્યક્તિઓ સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી રહી છે.



સ્થાનીક સ્વરાજયની ચુંટણી દરમ્યાન પ્રચાર – પ્રસાર, સભાઓ અને ત્યાર બાદ ચુંટણી બાદ વિજયી ઉમેદવારોના સરઘસો અને જ્યા જુઓ ત્યાં દાહોદ જિલ્લામાં વિજયી સરઘસોમાં ઉમેદવારો અને સમર્થકોના લોકટોળા જાહેર રસ્તા પર ડી.જે.ના તાલે ઉન્માદમાં ને ઉન્માદમાં શોસીયલ ડિસ્ટન્સ, માસ્ક અને સેનેટરાઈઝરનો ઉપયોગ કરવાનું ભાન ભુલ્યા હતાં ત્યાર બાદ હવે કોરોના સંક્રમણનો પ્રકોપ વધશે તેવા એંધાણો સાથે જાહેરમાં અને છડેચોક લોકમુખે ચર્ચાઓ થતી હતી અને સાચેજ જાણે ચુંટણી પુર્ણ થતાંની સાથે એકાએક કોરોના સંક્રમણના કેસોની સંખ્યામાં કુદકેને ભુસકે વધારો થતાં લોકોમાં હવે ફફડાટ ફેલાયો છે. દાહોદ જિલ્લા આરોગ્ય તંત્ર હવે હરકતમાં આવ્યું છે. તે સાથે જ જિલ્લા પોલીસ પણ એકશનાં આવી ગયું છે. ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં આજરોજ વહેલી સવારથી જ આરોગ્યની ટીમ અને પોલીસની ટીમ દ્વારા નગરમાં માસ્ક વગર ફરતાં, ટોળામાં એકઠા થતાં લોકો સામે લાલ આંખ કરી હતી. માસ્ક વગર વેપાર, ધંધો કરતાં અને માસ્ક વગર ફરતાં લોકોને જોવાતાંની સાથે જ સ્થળ પરજ દંડનીય કાર્યવાહી પણ કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. આ જોતા હવે લાગી રહ્યું છે કે, ફરીવાર દાહોદ જિલ્લામાં ચોક્કસપણ કોરોનાનો પગ પેસારો થનાર છે અને ફરીવાર દાહોદની જનતાન માસ્ક વગર જોવાશે તો ચોક્કસ દંડાશે. લીમડી નગરથી પ્રારંભ થયેલ આ દંડનીય કાર્યવાહી આગામી દિવસોમાં દાહોદ જિલ્લાના બીજા તાલુકાઓ અને ગામોમાં પણ પોલીસ અને આરોગ્ય ટીમ ફરતી થશે તેમ લાગી રહ્યું છે.

# દાહોદ ધ ઈન્ટરનેશનલ એસોસીએશન ઓફ લાયન્સ કલબ હિરો એવોર્ડ સમારોહ યોજાશે



દાહોદ,

ધ ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ લાયન્સ કલબ ડીસ્ટ્રીક 32,32-F1 દ્વારા મેમ્બરશીપ હીરો એવોર્ડ સમારોહ પ્રિસાઈડિંગ ઓફિસર લા.રમેશ પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને તેમજ વડોદરા શહેરના નવનિયુક્ત મેયર કેયૂરભાઈ રોકડિયા ના અતિથિવિશેષ સ્થાને યોજવામાં આવ્યો હતો. જેમાં લાયન્સ કલબ દાહોદ સીટી ના સકીય લાયન અને ઝોન ચેરમેન લાયન કમલેશ લીમ્બાચીયાને મેમ્બરશીપ હીરો એવોર્ડ થી સન્માનિત કરતા દાહોદ જિલ્લાનું નામ રોશન કર્યુ છે. ઝોન ચેરમેન ના પ્રયાસો અને માર્ગદર્શન હેઠળ ત્રણ નવી લાયન્સ કલબ લાયન્સ કલબ ઓફ દેવગઢબારિયા પેરિસ, લાયન્સ કલબ લીમખેડા હસ્તેશ્વર, લાયન્સ કલબ ઓફ સંજેલી પેલેસ કાર્યરત થઇ ચૂકી છે. તેમના મેમ્બરશીપ ડ્રાઈવ હેઠળ આપણા જિલ્લામાં લાયન્સ ના સેવા યજ્ઞનો વ્યાપ વિશાલ થઈ રહ્યો છે. તેમની આ સેવાના કદરરૂપે એવોર્ડ થી નવાજવામાં આવ્યા આ ઉપરાંત નવી ત્રણે કલબના પ્રમુખ,મંત્રી તથા સ્પોન્સર કલબ ઓફ દાહોદ સીટીના પ્રમુખ લા.રાજકુમાર સહેતાઈ મંત્રી સેફીભાઈ પિટોલવાલાને પણ એવોર્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર પ્રયાસોમાં ડિસ્ટ્રિકટ કેબિનેટ સેક્રેટરી એક્ટિવિટી લાયન યુસુફી કાપડિયા સાહેબ નો મહત્વનો ફાળો રહ્યો છે.

# સંજેલીમાં આધેડ વયના લોકોને કોરોના રસીકરણ કરાયું



સંજેલી,

સંજેલીમાં કોરોના રસીકરણનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. ત્યારે નિઃસંકોચ કોરોના રસીનો ડોઝ લેવા માટે આધેડ વયના લોકોએ ભાગ લીધો હતો.

સંજેલી તાલુકામાં આજદિન સુધી ૧૦,૦૦૦ થી વધુ લોકોનું કોરોના રસીકરણ કરવામાં આવ્યું છે. જેમાં દરેક લોકોએ નિઃસંકોચ કોરોના રસીમાં ભાગ લીધો હતો કોરોના રસીનો ડોઝ લીધા બાદ પોતાના અનુભવો વર્ણવ્યા હતા. રસી લેનારાઓએ અપીલ કરી હતી કે કોરોના વેકસીન એકદમ સુરક્ષિત છે દરેક લોકોએ ભાગ લેવો જોઈએ તેવી અપીલ કરવામાં આવી હતી, આરોગ્ય વિભાગ દ્વારા કોરોના રસી માટે પ્રજાને સતત જાગૃક કરવાના કાર્યો પણ કરવામાં આવ્યા હતા અને જરૂરી સૂચનો રજૂ કર્યા હતા.

# કૃષિકલ્યાણની વિવિધ યોજનાનો લાભ લેવા ઓનલાઈન અરજી કરવી

દાહોદ,

ખેડૂતોને ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ ઘરઆંગણે આસાનીથી મળી રહે તે હેતુસર આઇખેડૂત પોર્ટલ તૈયાર કરવામા આવેલ છે. આ પોર્ટલ મારફત સને. ૨૦૨૧–૨૨ માટે સહાય અરજીઓ મેળવવાની થાય છે. રાજયના ખેડુતોને ખેતીવાડીની વિવિધ સહાય યોજનાઓનો મહતમ લાભ મળી રહે તે આશયથી રાજય સરકારએ સને. ૨૦૨૧–૨૦૨૨ માટે આઈ ખેડુત પોર્ટલ તા. ૬/૦૩/૨૦૨૧ થી ૩૦/૦૪/૨૦૨૧ સુધી માં ખેડુતો દ્વારા ઓનલાઈન અરજીઓ કરવા માટે ખુલુ મુકેલ છે. જેમાં અરજી કરવા માટે જરૂરી આધાર પુરાવામાં (૧) ૭–૧૨, ૮–અ, (૨) આધાર કાર્ડ, (૪) બેંક પાસબુક (૫) મોબાઈલ નંબર (૬) જાતિનો દાખલો સાથે ગ્રામ પંચાયત અને ઈન્ટરનેટરની સુવિધા ધરાવતી અન્ય જગ્યાએથી પણ ઓનલાઈન અરજી કરી શકાય છે. ખખેડુતોએ આઈ–ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કર્યા પછી અરજીની પ્રિન્ટ આઉટ કાઢી સહી/અંગૂઠો કરી જરૂરી સાધનીક કાગળો જોડી આપના કાર્યક્ષેત્રના ગ્રામસેવક (ખેતી) અથવા તાલુકા કક્ષાએ તાલુકા પંચાયત ખાતે વિસ્તરણ અધિકારી(ખેતી)ને જમા કરાવવાની રહેશે. તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# લોકડાઉનના ભણકારા: મધ્યપ્રદેશના આઠ શહેરોમાં રાત્રિ કર્ફ્યૂ

ઈન્દોર,

મધ્યપ્રદેશમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. આ દરમિયાન શિવરાજ સરકારે મોટો નિર્ણય લીધો છે. શિવરાજ સિંહ ચૌહાણે કેબિનેટની બેઠક બાદ અધિકારીઓની સાથે મીટિંગ કરી છે. મીટિંગમાં ભોપાલ અને ઈન્દોરમાં ફરીથી નાઈટ કરફ્યૂનો નિર્ણય લેવામાં આવ્યો છે. કોરોનાની બીજી લહેરમાં સૌથી વધારે કેસ ભોપાલ-ઈન્દોરમાં મળી રહ્યા છે. આ સાથે જ મહારાષ્ટ્રથી આવી રહેલા મુસાફરોની થર્મલ સ્ક્રીનિંગ જરૂરી કરી દેવામાં આવી છે. સાથે જ ત્યાંના મુસાફરો માટે ૭ દિવસનું હોમ ક્વોરન્ટાઇન જરૂરી છે. ભોપાલ-ઈન્દોરમાં પહેલાથી વધારે સખ્તાઈ વર્તવામાં આવશે. સીએમે સવારમાં જ કહી દીધુંહતુ કે, આજે કેટલાક સખ્ત નિર્ણયો લેશું. સીએમે લોકોને અપીલ પણ કરી હતી કે કોવિડ નિયમોનું પાલન જરૂર કરો, કેમકે એમપીમાં લાપરવાહીના કારણે કોરોનાના કેસ વધ્યા છે. આ સાથે જ ભોપાલમાં તમામ સાર્વજનિક કાર્યક્રમો પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. આ સાથે જ પ્રદેશના ૮ શહેરો જબલપુર, ગ્વાલિયર, ઉજ્જૈન, રતલામ, છિંદવાડા, બુરહાનપુર, બૈતૂલ અને ખરગોનમાં રાત્રી કરફ્યૂ લાગું કરવામાં આવ્યું છે. અહીં રાત્રે ૧૦ વાગ્યા બાદ બજાર બંધ રહેશે.

આ શહેરોમાં કરફ્યૂ જેવી સ્થિતિ નહીં રહે, પરંતુ બજાર અનિવાર્ય રીતે બંધ રહેશે. જો કેસ વધ્યા તો આ શહેરોમાં પણ નાઈટ કરફ્યૂ લગાવવામાં આવી શકે છે. ઉલ્લેખનીય છે કે એમપીમાં છેલ્લા કેટલાક દિવસથી કોરોનાના નવા કેસ સતત વધી રહ્યા છે. સોમવારના પહેલી વાર આ વર્ષે ૮૦૦ દર્દીઓ મળ્યા હતા. ઈન્દોરમાં ૨૬૭ અને ભોપાલમાં ૧૯૯ દર્દીઓ મળ્યા હતા. ત્યારબાદ શિવરાજ સરકારની ચિંતા વધી ગઈ હતી.

# દે.બારીઆ નગર પાલિકાના કર્મીઓના દ્વારા સ્વ.ભંડોળના નામે વેપારીઓની ખુલ્લી લુંટ

દે.બારીઆ,

દે.બારીઆ નગર પાલિકામાં હાલમાં કોઈ જ રણીધણી નથી. જેથી નગર પાલિકાના કર્મીઓ મનમાની કરી સ્વભંડોળના નામે વેપારીઓ પાસેથી છજજાના નામે રૂ.૨૦૦૦/–ની ઉઘરાણી કરી રહ્યા છે અને વસુલી કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ શહેરની માનસી જનરલ સ્ટોર્સના વેપારી પાસેથી સામાન્ય પહોંચ ઉપર પાવતી નં.૫૧૩૮ બુક ક્રમાંક નં.૫૨ તા.૧૬/૦૩/૨૦૨૧ના રોજ બપોરે બે કલાકે જમા રકમ લીધી છે. તે કોના આદેશ અનુસાર હાલમાં તો નગર પાલિકાનું તમામ કાર્ય સ્થગીત થયું છે. તમામ કોન્ટ્રાકરોના બીલો બાકી છે. તેમ મેન બજારના ડામરના રોડનું કાર્ય પ અટકી ગયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સામાન્ય ભંડોળ માટે ૨૦૧૭ની સાલમાં પાવતી નં.૯૪૯૪ દે.બારીઆ નગર પાલિકાની સામાન્ય પહોંચ ઉપર રૂ.૧૫૦–૦૦ની રકમ જમા લીધી હતી. છેલ્લા ચાર વર્ષના ગાળામાં રૂ.૩૫૦.૦૦ના જેટલો માતબર રકમનો વધારો કઈ બોડીએ કર્યો તે તપાસનો વિષય છે. વેપારીઓ એ આ અંગે રકઝક પણ કરી એક સામટા ચાર માસના કઈ રીતે વસુલ કરો છો. તો ખાઈ બધેલા નગર પાલિકાના કર્મીઓ વેપારીઓને સામે રૂઆબ છાટતા હતા. અમે કહીશું તેજ ચાલસે તમે કહેશો તે નહિ ચાલે શું ? નગર પાલિકાના કર્મીઓને હાલની ભાજપાની બોડીએ લુંટ ચલાવવાનું લાયસન્સ આપી દીધું છે કે શું ? જેથી પોતાની મનમાની મુજબ વેપારી ભાઈઓ પર રોપ જમાવતા હતા. તેવું વેપારીઓમાં ચર્ચાનો વિષય છે. જ્યારે કન્યાશાળાના સામેની લાઈનમાં મેવાડ સ્ટીલ વાસણ એન્ડ ફર્નિચરના વેપારી પાસેથી કોઈપણ રકમની પહોંચ કે પાવતી આપી નથી અને તેની દુકાનનું સામાન ફુટપાઠ ઉપર મુકાયું છે. તેના માટે તેની પાસેથી કોઈ લેવડ દેવડ થઈ ગઈ છે. તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. ૨૦૧૭ માં રૂ.૧૫૦/–ના સામાન્ય પાવતી બનાવી છે. જ્યારે ૨૦૨૧માં રૂ.૩૫૦/–ના લેખે છજજા ના નામે ઠરાવ કર્યા વગર કેવી રીતે કર્મીઓ પાવતી બનાવી શકે તે વડોદરા ઝોનના નગર પાલિકા કમીશનર જાતે સ્થળ તપાસ માટે આવે તો ઘણું બધું બહાર આવે તો નવાઈ નહી. ત્રણ સો પચ્ચાસ રૂપીયા છજજાના વધારાનો ઠરાવની નકલ વેપારીઓને આપી નથી. અથવા લેખિત જાણ પણ કરેલ નથી. તો આ રૂ.૩૫૦/–ની રકમ ખુલ્લી લુંઠટના કહેવાય તો શું ? કહીશું તે આગામી નગર પાલિકાની સામાન્ય સભામાં ભાજપાની બોડીમાં ચર્ચા કરે તે આમ વેપારી ભાઈઓની લાગણી અને માંગણી છે.

# કરોડો રૂપિયા ખર્ચાયા બાદ પણ દાહોદની દુધીમતિ નદીમાં સફાઈનો અભાવ

દાહોદ,

દાહોદમાં આવેલી ઐતિહાસિક દુધીમતિ નદીની કાયાપલટ કરવા દાહોદ નગર પાલિકાના સત્તાધીશોએ નદીની સફાઈના નામે જુદા જુદા ટેન્ડરો મંજુર કરી કરોડો રૂપિયાનો ધુમાડો કર્યો છે. પરંતુ આજ સુધી આ પાવન નદી સ્વચ્છ થઇ શકી નથી ૧૨ વર્ષ અગાઉ નદીમાં વાળવામાં આવેલી ગામની ગટરોનું ગંદુ પાણી આવતું રોકવા સાડા ત્રણ કરોડના ખર્ચે પાઈપલાઈન નાખીને પંપીંગ સ્ટેશન બનાવવાની યોજના હતી.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

નદીઓને સાફ રાખવાના બં સરકાર દ્વારા ફુકવામાં આવે છે. પરંતુ સ્માર્ટ કહેવાતા શહેરોમાંથી પસાર થતી કેટલીક નદીઓ ગંદકીથી ખદબદે છે. આવી જ એક નદી એટલે કે દાહોદમાં આવેલી દૂધીમતી નદી દાહોદ સ્માર્ટ સિટી કહેવાય છે પરંતુ તે ફક્ત કાગળ પર જમીની હકીકત કંઈક વિપરીત જ છે. પાઈપો નખાઈ ગઈ ફાળવાયેલી માતબર રકમ પણ વપરાઈ ગઈ તેમ છતાં તે યોજના આજદિન સુધી પૂર્ણ થઇ શકી નથી. જેના કારણે નદીમાં નાખેલી તે પાઈપલાઈન આજે પણ શોભાના ગાંઠિયા સમાન નજરે પડી રહી છે. નદીમાં જ્યાં પણ નજર કરો ત્યાં ગંદકી જ ગંદકી જોવા મળી રહી છે. જે નગરપાલિકાના સત્તાધીશોની કામગીરીની પોકળતા સાબિત કરી રહી છે. દુધીમતી નદી ભારતમાં બીજી એવી નદી છે જે સૂર્યના મુખે વહે છે દેશમાં માત્ર બે જ નદી એવી છે કે જે સૂર્યના મુખે વહે છે. એક હરિદ્વારની ગંગા નદી અને બીજી દાહોદની દુધીમતી નદી છે. આટલી પાવન નદી હોવા છતાં પાલિકાના સત્તાધીશો અત્યાર સુધી તેની પવિત્રતા ન સમજી તેની સફાઈના મુદ્દે પોલ ચલાવતા આવ્યા છે. દાહોદની દુધીમતી નદી માની ગંદકીના દ્રશ્યો નગરપાલિકાની કામગીરીની પોલ ખોલી રહ્યા છે. નદી ઊંડી કરવા અને સાફ કરવાના નામે લાખો અને કરોડો રૂપિયા ખર્ચાયા છે. પરંતુ હજી સુધી કોઈ નક્કર પરિણામ મળી શક્યું નથી. હાલ અત્યારે તો આપણે કહી શકીએ કે સ્માર્ટ સીટી અંતર્ગતમાં જો પહેલાની યોજનાઓ જ પુરી ન થતી હોય તો આવનાર સમયની અંદર સ્માર્ટ સીટી અંતર્ગત જે નવા પ્રોજેક્ટ લેવાશે તેનું શું પરિણામ આવશે ? એ કંઈ આજે દુધીમતિ નદીની પોઝિશન જોઈને જ ખબર પડે છે કે સ્માર્ટ સિટી માટે દાહોદ નગરપાલિકાએ સખત મહેનત કરવાની જરૂર છે.

# દાહોદ પાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરાશે : કોણ બનશે પ્રમુખની ચર્ચા

દાહોદ,

દાહોદ નગરપાલિકાની તાજેતરમાં યોજાયેલી ચુંટણીાં ભાજપાએ ૩૬માંથી ૩૧ બેઠકો ઉપર વિજય મેળવ્યો છે.જેમાં ૧૫ મહિલા સભ્યો છે. આગામી અઢી વર્ષ માટે સામાન્ય મહિલા પ્રમુખ પદ માટે હોઈ દાહોદમાં છેલ્લા કેટલાંક દિવસોથી નગર પ્રમુખ કોણ બનશે? તેની ચર્ચાઓ થઈ રહી છે. ત્યારે આવતીકાલે ૧૨ વાગ્યે નગરપાલિકાના સભાખંડમાં પ્રમુખ, ઉપપ્રમુખની ચુંટણી દાહોદના એસ.ડી.એમ.ની ઉપસ્થિતીમાં યોજાશે. પ્રમુખ માટે પોતાના જુથના કે માનીતાને પ્રમુખ બનાવવા ગોડ ફાધરના શરણે ગયા હોવાનું પ્રતિત થઈ રહ્યું છે. બે સીનીયર મહિલાઓના નામ વચ્ચે સ્પર્ધા હોવાનું કહેવાઈ છે. બીજી તરફ નવા ચુંટાયેલા કેટલાક સભ્યોમાંથી પણ પસંદગી થઈ શકે છે. કારણ કે, ભુતકાળમાં સિનીયારીટી કોરાણે મુકી પ્રમુખનો તાજ પહેરાવાયો હતો. ત્યારે સક્રિયતા સીનીયોરીટી કે જિતા કે જુથના આધારે પસંદગી કરવામાં આવશે તે હાલ કહેવુ મુશ્કેલ છે કારણ કે, પોતાના માનીતાઓ, મનગમતા હોદ્દા અપાવવાની હોઈ રાજકીય પક્ષોમાં વર્ષોથી ચાલતી આવી છે. તે પરંપરા ભાજપમાં પણ ચાલતી જ આવી છે. ત્યારે આ વખતે સત્તાનો તાજ કોના માથે આવશે તેના ઉપર સૌની મીટ મંડાયેલી છે.

# કોરોના કેસો વધતા વહીવટી તંત્ર દ્વારા હવે માસ્ક ઝૂંબેશ શરૂ કરાશે

દાહોદ,

દાહોદ જિલ્લામાં માસ્ક પહેર્યા વિના બહાર નીકળતા લોકો સામે કાર્યવાહી કરવાના નિર્દેશો કલેક્ટર વિજય ખરાડીએ પ્રશાસન અને પોલીસ તંત્રને આપ્યા છે. દાહોદ નગર ઉપરાંત જિલ્લામા છેલ્લા એક અરસમાં કોરોના કેસોમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે. તેના પગલે આજે કલેક્ટર કચેરીમાં ખરાડીએ જિલ્લાના અધિકારીઓને એક બેઠક બોલાવી હતી અને તેમાં ઉક્ત નિર્દેશો જારી કર્યા હતા.




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

આ બેઠકમાં ઉપસ્થિત જિલ્લા પોલીસ વડા હિતેશ જોયસરે એવું જણાવ્યું કે, સમગ્ર દાહોદ જિલ્લામાં વહીવટી તંત્ર અને પોલીસ વિભાગની સંયુક્ત ટીમો દ્વારા માસ્ક અંગેની કામગીરી કરવામાં આવશે અને કોઈ વ્યક્તિ માસ્ક પહેર્યા વિના બહાર નિકળતા નાગરિકોને નિયમોનુસારનો રૂ. એક હજારનો દંડ કરવામાં આવશે. જરૂર પડે ત્યાં પોલીસ કેસ પણ કરવામાં આવશે. નાગરિકો પોતાની જવાબદારી સમજી કોરોનાના વધતા કેસમાં સાવચેતી રાખી માસ્ક પહેરે, સામાજિક અંતરનું પાલન કરે એ જરૂરી છે.

કલેક્ટરએ આ બેઠકમાં કોરોના કેસોમાં કન્ટેઈન્મેન્ટનું પાલન કરાવવા, કોન્ટેક્ટ ટ્રેસિંગની બાબતો ઉપર પણ ભાર મૂક્યો હતો. આ બેઠકમાં એવું પણ નક્કી કરવામાં આવ્યું હતુ કે, આવતી કાલે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના પદાધિકારીઓની ચૂંટણીને દ્યાને રાખી તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયત અને દાહોદ નગરપાલિકાની ઈમારતોમાં ચૂંટણી પ્રક્રીયા દરમિયાન માત્ર કર્મચારીઓ અને ચૂંટાયેલા સભ્યોને ન પ્રવેશ આપવામાં આવશે. જિલ્લા પંચાયત ખાતે ચૂંટણીને દ્યાને રાખી માર્ગો જરૂર પડે તો ડાયવર્ટ કરવામાં આવશે. નિવાસી અધિક કલેક્ટર મહેશ દવે ઉપરાંત પ્રાંત અધિકારીઓ અને નાયબ પોલીસ અધિક્ષકો આ બેઠકમમાં ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ નવજીવન કોલેજ NSS વિભાગ દ્વારા સ્વચ્છતા જાગૃતિ શિબિર યોજાઈ



દાહોદ,

તા. ૧૬/૦૩/૨૧ ના રોજ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજના એન.એસ.એસ. વિભાગની ચાલી રહેલી સપ્ત દિવસીય સ્વચ્છતા–જનજાગૃતિ ગ્રામ શિબિર અંતર્ગત, એન.એસ.એસ. સ્વયંસેવકો માટે COVID-19 રોગ અને રસીકરણ અંગે વિગતવાર ચર્ચા યોજવામાં આવી. તેમજ વધી રહેલ કોરોના રોગચાળા અંગે ચર્ચા કરી તેને અટકાવા અંગે વિગતવાર માહિતી આપી હતી. જેમાં ખાસ કરીને જન સમુદાય દ્વારા માસ્કનો ઉપયોગ, હાથની સ્વચ્છતા,ભીડમાં જવું ટાડવું તથા ફીઝીકલ ડીસ્ટન્સ રાખવું વિગેરેને પ્રાધાન્ય અપાયેલ હતું.આ ઉપરાંત હાલમાં ચાલી રહેલ COVID-19 રસીકરણ અભિયાન અંતર્ગત ૬૦ વર્ષ થી ઉપરના વડીલો તેમજ ૪૦ થી ૫૯ વર્ષના કોર્મોલીડ લોકોને પ્રાથમિકતાના ધોરોણે રસી લેવા અંગે અપીલ કરેલ હતી. આ કાર્યક્રમમાં દાહોદ જિલ્લા આરોગ્ય વિભાગના ડો.રાકેશ વહોનિયા સર અને યુનિસેફ પ્રતિનિધિ ડો. કેવલ પંડ્યા સર એ હાજરી આપી માર્ગદર્શન કરેલ હતું. સ્વયંસેવકો અને પ્રો.ઓ. ડો.શ્રેયસ પટેલ દ્વારા તેમને સ્વામિ વિવેકાનંદજીની બુક ભેટ આપી આભાર માન્યો હતો.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૮ કોરોના કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે ૦૮ કોરોના દર્દીઓ નોંધાયાં છે. જેમાંથી ૦૪ કેસ તો દાહોદ અર્બન વિસ્તારમાંથી જ સામે આવ્યાં છે બાકીના છુટાછવાયા કેસો જિલ્લાના અન્ય તાલુકા મથકમાંથી છે ત્યારે કુલ કોરોનાનો કુલ આંકડો ૨૮૯૪ ને પાર થઈ ચુક્યો છે.

આર.ટી.પી.આર.ના ૩૩૨ પૈકી આજે ૦૮ કોરોના પોઝીટીવ દર્દીઓ સામે આવ્યાં છે. આ આઠ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૪, દાહોદ ગ્રામ્યમાંથી ૦૧, લીમખેડામાંથી ૦૧, સીંગવડમાંથી ૧ અને ફતેપુરામાંથી ૦૧ કેસનો સમાવેશ થાય છે. આજે વધું ૦૪ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા અપાતાં એક્ટીવ કેસની સંખ્યા ૫૦ ઉપર પહોંચી ગઈ છે ત્યારે અત્યાર સુધી કોરોનાથી કુલ ૧૦૦ લોકો પોતાનો જીવ ગુમાવી ચુક્યાં છે. દાહોદ જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી કોરોના સંક્રમણના વધતાં કેસોને ધ્યાનમાં રાખી આરોગ્ય તંત્ર એલર્ટ બન્યું છે અને આરોગ્ય લક્ષી કામગીરી જિલ્લામાં આરંભી દેવાઈ છે. બીજી તરફ કયાંકને કયાંક પ્રજાજનોમાં પણ કોરોના ગાઈડલાઈનની અવેર્નેશ અને કાળજીના અભાવે પણ કોરોના સંક્રમણના કેસો વધી રહ્યાં છે ત્યારે જિલ્લા આરોગ્ય તંત્ર અને વહીવટી તંત્ર દ્વારા માસ્ક વગર ફરતાં લોકોને દંડનીય કાર્યવાહી તરફ પણ આકરા પગલાં લઈ રહી છે. વધતાં કોરોના કેસોને ધ્યાનમાં રાખી બંધ કરી દેવામાં આવેલા જિલ્લામાં વિવિધ સ્થળોએ કોવિડ સેન્ટરો, હોમ ક્વોરેન્ટાઈ સેન્ટરો વિગેરે પણ ચાલુ કરવાની તજવીજ હાથ ધરી દેવામાં આવી છે ત્યારે માસ્ક, સેનેટરાઈઝર અને સોશીયડ ડિસ્ટન્સનું પાલન કરવા પણ જિલ્લા કલેક્ટર દ્વારા જણાવાયું છે.

# બાગાયતી પાકો માટે રાજય સરકારની યોજનાનો લાભ લેવા ઓનલાઈન અરજી કરવી

દાહોદ,

દાહોદ જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડુત મિત્રો માટે સને ૨૦૨૧–૨૨ ના વર્ષ માટે બાગાયત ખાતાની વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે તા. ૦૬–૦૩ ૨૦૨૧ થી તા. ૩૦–૦૪–૨૦૨૧ સુધી અરજી ઓનલાઈન કરવા માટે આઈ–ખેડુત પોર્ટલ ખુલ્લું મુકવામાં આવ્યું છે. જેમાં ટ્રેલીઝ પદ્ધતિ, ફળપાક પ્લાન્ટીંગ મટીરીયલ, ડ્રીપ ઈરીગેશન માટે પાણીના ટાંકા, પ્લગ નર્સરી, સરગવાની ખેતીમાં સહાય, બાગાયતી પાકોમાં વોટર સોલ્યુબલ ખાતરમાં સહાય, ઔષધીય, સુગંધિત પાકોના વાવેતર માટે, પેકીંગ મટીરીયલ, બાગાયતી પાકના પોસેસીંગના નવા યુનિટ જેવા ઘટકોમાં ઓન લાઈન અરજી કરી શકાશે, ઓન લાઈન કરેલી અરજીની પ્રિન્ટ સાથે ૭–૧૨અને ૮–અ ની નકલ, આધાર કાર્ડ, બેંક પાસબુકની ઝેરોક્ષ, જાતિનો દાખલો જેવા સાધનિક કાગળો જોડી અરજી કર્યા બાદ ૭ દિવસમાં કચેરી સમય સુધી નાયબ બાગાયત નિયામકની કચેરી, રૂમ નં ૨૩૩–૨૩૫, બીજો માળ, જિલ્લા સેવા સદન, છાપરી, દાહોદ જી. દાહોદ રજુ કરવાની રહેશે. જેની દાહોદ જિલ્લાના સર્વે બાગાયતી ખેડુતમિત્રોએ નોંધ લેવા નાયબ બાગાયત નિયામકની યાદીમાં જણાવાયું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 173

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગોધરા નગર પાલિકામાં પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે આજે વરણી

- આજે બહુમતી મેળવીને સત્તાના કોણ બાજીગર બનશે.
- અસ્પષ્ટ સંખ્યાબળ હોવાથી ભાજપ અને અપક્ષો વચ્ચે ચાલી રહેલી ખેંચતાણ.
- અપક્ષોના હાથમાં સત્તાનું સુકાન હોવાથી ભાજપ માટે અગ્નિપરીક્ષા
- ભાજપની અપક્ષોમાં ગાબડું પાડવાની ખેલતી કૂટનીતિ.
- દિવસો થી પ્રજામાં ચાલી રહેલા અનેક નામો સાથે સર્જાયેલ રહસ્ય ઉપરથી પડદો ઉચકાશે.
- કોણ ૨૩ સભ્યોના બળ મેળવશે તેના પર મતદારોની નજર મંડાઈ.



ગોધરા,
આજે ગોધરા નગર પાલિકાની પ્રમુખ અને ઉપપ્રમુખપદની થનાર વરણી પ્રક્રિયાને લઈને ભારે ઉત્તેજના છવાઈ છે. જોકે, પૂર્ણ બહુમતીના અભાવ વચ્ચે સમાંતર બેઠક ધરાવતા ભાજપ અને અપક્ષ વચ્ચે ટાંટીયા ખેંચ ચાલી રહી છે. સત્તા સંભાળનાર સંભવિત ચહેરા અંગે કેટલાક દિવસો થી પ્રજામાં ચાલી રહેલા અનેક નામો સાથે સર્જાયેલ રહસ્ય ઉપરથી પડદો ઉચકાનાર છે. આમ, અનેક રાજકીય આંટાપાટા વચ્ચે કોણ ૨૩ સભ્યોના બળ વડે બહુમતી સિદ્ધ કરીને સત્તાના બાઝીગર બનશે તેના પર મતદારોની નજર મંડાઈ છે.

ગોધરા નગર પાલિકાની ચુંટણી જનાદેશ મિશ્રરૂપ ભાજપ અને અપક્ષોને એકસરખી ૧૮-૧૮ બેઠકો પ્રાપ્ત થઈ છે. તો મીમ-૭ બેઠકો ઉપર જીત મેળવીને પદવાંચ્છુકોમાં પોતાની કિંમત અને માંગ ઊભી કરી દીધી છે. પરંતુ કોને સમર્થન આપે છે, તે રહસ્યમય છે. ૪૪ બેઠક ધરાવતી પાલિકામાં આ વખતે પ્રમુખપદ સામાન્ય જનરલ રાખવામાં આવતાં ભાજપ અને અપક્ષો પાસે પૂરતી એટલે ૨૩ સભ્યોની બહુમતી નથી. જેથી અંકોનું ગણિત ગોઠવવા અપક્ષોમાં ગાબડું પાડવું પડે કાંતો મીમ ઉપર આધાર રાખવો પડે તેવી કાંટાની ટકકર જામી છે. છેલ્લા કેટલાક દિવસો થી અપક્ષોના ટેકા મેળવવા માટે ભાજપ દ્વારા કવાયત હાથ ધરાઈ રહી છે. તેવી રીતે એક અપક્ષના છાવણીમાં પણ ખુરશી મેળવવા કાવાદાવા ખેલાઈ રહયા છે. પાંચ અપક્ષ સભ્યોનો અભાવ વર્તાતા સૌ કોઈને ચિંતામાં મૂકી દીધા છે. છેલ્લા કેટલાક દિવસો થી ચુંટણી જાહેર થતાં રાજકીય માહોલ ગરમાઈ જવાની સાથે પોતાના પદાધિકારીના નામ અંગે અનેક ચર્ચાઓ ચાલી રહી હતી. ત્યારે આજે બુધવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે સરદાર નગર ખંડમાં આયોજીત વરણી પ્રક્રિયાને લઈને ઉત્તેજના છવાઈ છે. તંત્ર દ્વારા ચારે તરફ પુરતો બંદોબસ્ત ગોઠવવામાં આવનાર છે. રાત સુધી કોઈ ચિત્ર સ્પષ્ટ ન થતા ભાજપની કોર કમિટી અને સીનીયર સભ્યો દ્વારા બુધવારની સવારે સભા પૂર્વે ગુપ્ત બેઠક યોજીને જરૂરી રણનીતિ તૈયાર કરવામાં આવનાર છે. હાલ જોતા આંકડારૂપ બહુમતિ માટે અપક્ષોનો સાથ કોણ લે છે અને કયા ચહેરાને સાથ આપે છે તે અગત્યું છે. આ જોતા બહુમતિ માટે અપક્ષોના સમર્થન વિના ભાજપનું ખુરશીનું સ્વપ્ન રોળાઈ જાય તેમ હોવાથી અગ્નિપરીક્ષા છે. મોવડી મંડળ ભારે ગડમથલમાં જણાતા ભાજપ તરફે કોણ પુરતી સંખ્યા પુરી કરીને ભગવો લહેરાવે છે. તેવા સંભવિત સક્ષમ ખેલાડી ઉમેદવારોને સમગ્ર દોરી સંચારનો હવાલો અપાયો હોવાનો જાણવા મળે છે. પરંતુ કોણ સક્ષમ ઉમેદવાર સત્તાની બાજી જીતીને બાજીગર બને છે. તેના ઉપર આજે સૌની નજર મંડાઈ છે.

## શહેરામાં વાદ-વિવાદ વિના માત્ર ઔપચારિક બની રહેશે

આજે શહેરા નગર પાલિકામાં પણ પ્રમુખપદ માટે વરણી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. સ્પષ્ટ બહુમતી સાથે પાલિકાની ૨૪ બેઠકોમાંથી ૨૦ બેઠકો પોતાના નામે અંકિત કરી દેતા ભાજપે પોતાના શાસનનું આધિપત્ય જમાવી રાખ્યું હતું. જોકે નગરપાલિકાની પ્રથમ અઢી વર્ષની પ્રમુખપદની અવધિ માટે અનુસૂચિત જાતિ સ્ત્રી માટેની અનામત રખાતા ઉત્તેજના છવાઈ છે. જેથી મેન્ડેટ આધારે પસંદગી કરવામાં આવનાર હોવાથી આગામી વરણી પ્રક્રિયા કોઈપણ જાતના વાદ-વિવાદ વિના માત્ર ઔપચારિક બનીને ચહેરો જાહેર થનાર છે. તેમ છતાં પક્ષ કોની ઉપર પસંદગીનો કળશ ઢોળશે તે તો આજે સ્પષ્ટ થનાર છે.

## હાઈકોર્ટમાં રીટ બાદ ચુંટણી યોજવા તંત્ર સજ્જ

કેટલાક અનૈતિક તત્વો વાતાવરણ બગાડવાનો પ્રયાસ કરી મુશ્કેલી ઉભી કરે અને આખી કાર્યવાહીને જોખમમાં ન મૂકી શકે અને સરદાર નગર ખંડની આસપાસ પોલીસ તૈનાત કરવામાં આવે અને ચુંટણી મુલત્વી ન થાય તે માટે કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે હાઈકોર્ટમાં રીટ દાખલ કરવામાં આવી હતી. જે સંદર્ભે કરાયેલા હુકમ બાદ ચુંટણીના સ્થળના દરવાજાથી ૨૦૦ મીટરની ત્રિજયામાં ચુંટાયેલા સભ્યો અને ચુંટણી સ્ટાફ સિવાય કોઈપણને પ્રવેશ ન આપવા, ચુંટણી સ્થળે જીલ્લા પોલીસવડા હાજર રહે અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત રાખવા પોલીસવડા તેમજ ગોધરા પ્રાંતને હુકમ કર્યો હતો. અને કોઈપણ પ્રકારની અવ્યવસ્થા ન સર્જાય તેની ચોકક્સ કાળજી રાખવાનો હુકમ કરાયો છે. અને જો કોઈપણ ઘટના બને તો તેઓને જવાબદાર ઠેરવવાનો હુકમ કરવામાં આવ્યો છે.


## દાવેદારોથી બચવા કેટલાક અપક્ષો અજ્ઞાતવાસમાં

બહુમતીના અભાવે માત્ર અપક્ષો પાસે હુકમનું પાનું હોવાથી આંતરિક ખેંચતાણો વધીને સાથ મેળવવા દાવેદારોના સંપર્કો તેજ બની જતાં દિવસો થી ચાલી રહેલા પ્રવાહીરૂપ રાજકીય સ્થિતી પુનઃ વધુ તીવ્ર બની હતી. ત્યારે આજે કોણ સત્તાની ધુરા સંભાળશે અને કોણ અપક્ષ ટેકો આપે છે. તેના પર લોકોની નજર મંડાઈ છે. જેમ જેમ દિવસ નજીક આવતા જતા અને તેમાંય પ્રક્રિયાને માત્ર ચોવીસ કલાક બચતા બહુમતી માટે અપક્ષોને ભાજપ વચ્ચે સંતાકુકડીની રમત ખેલાઈ રહી છે.આવી સ્થિતીમાં અપક્ષોને પોતાની છાવણીમાં ખેંચી લાવવાના ચાલી રહેલા કાવાદાવાઓથી બચવા કે પ્રક્રિયામાં ચોકકસ ચહેરાને સમર્થન આપનાર હોવાની મનની વાત પાર પાડવા કેટલાક અપક્ષ સભ્યો ભૂર્ગભમાં ચાલ્યા ગયા છે. તો કેટલાક સહેલગાહે ઉકડીને સંપર્ક વિહોણા બની જતાં રહસ્ય વધુ ઘટ બન્યું છે.

## મત ન આપે તેવી અરજી કોર્ટે નામંજૂર કરી

બુધવારે આયોજીત ગોધરા નગર પાલિકાની ચુંટણી પ્રક્રિયાને લઈને કાયદાકીય ગુંચવાડો ઊભી કરતી અને ન્યાયીક પગલું ભરવાની અરજી થતાં ચર્ચાઓએ સ્થાન લીધું હતું. જેમાં પંચમહાલ જીલ્લાની સ્પેશ્યલ કોર્ટમાં નગર પાલિકાની હાલ યોજાયેલી ચુંટણીમાં નારાજ ઉમેદવાર દ્વારા ચુંટણી અરજી કરવામાં આવીને ચુંટણીમાં ભાજપના ચુંટાયેલા સભ્યો મત ના આપે તેવી દાદ માંગવામાં આવી હતી. પરંતુ કોર્ટે સ્પેશીયલ જજ યુ.એમ.વ્યાસ દ્વારા બન્ને પક્ષોની લંબાણ પૂર્વકની દલીલો સાંભળીને અરજી નામંજૂર કરી દેવાઈ હતી.

# વર્ષો બાદ કર્મશીલ તલાટી કમ મંત્રી દ્વારા ખંડેર બનેલ રેવન્યુ તલાટી ગોધરા કસ્બા કચેરીની કાયાકલ્પ



ગોધરા,
હંમશા સરકારી કચેરીની મરામત માટે સરકારી ગ્રાન્ટની રાહ જોવી પડે છે. પરંતુ સેવાભાવિ સરકારી કર્મચારીએ સરકારની આર્થિક મદદ વિના પ્રજા સુવિધા માટે રેવન્યુ તલાટી ગોધરા કસ્બા કચેરીની મરામત કરાવીને રંગરોગાન, ફર્નિચર જેવી સગવડો ઉપલબ્ધ કરાવીને સરકારી કચેરીની કાયાકલ્પ કરી છે. જોકે, વર્ષોથી ખંડેર હાલતમાં ભાસતી કસ્બા કચેરી નવિનીકરણ ઝંખી રહયું હતું. તે પૂર્ણ થતા આજે કચેરીની સુરત બદલાતા લાભાર્થીઓની સૂરત મલકાઈ ઉઠી છે.

રેવન્યુ તલાટી ગોધરા કસ્બા કચેરીની અગત્યની સરકારી કચેરીમાં હાથ ધરવામાં આવતાં પ્રમાણપત્રો, વારસાઈ, પંચકયાસ જેવી સેવાઓ માટે ગોધરા શહેર માંથી રોજીંદા મોટી સંખ્યામાં આવતા અરજદારો આ કસ્બા કચેરીની દુર્દશા જોતાં દુઃખ વ્યકત કરતા હતા. જુની પુરાણી દિવાલો તેના ઉપર કાચી નળીયાવાળી છત અને આ છત ઉપર નકામો કચરો ફેંકાયેલા હોવાની સાથે તૂટફુટ હાલતમાં જણાતી હતી. અને ચોમાસામાં વરસાદી પાણી નીચે ઉતરીને કિંમતી દસ્તાવેજા નુકશાન પામતા હતા. ખંડમાં પૂરતી અને સુરક્ષીત તિજોરી જેવી સુવિધાના અભાવે ગમે તેમ અસ્તવ્યસ્ત કાગળીયાઓના ઠપ્પા જોવા મળતાં હતા. કર્મચારીઓને પણ બેસવા માટે યોગ્ય ફર્નિચર ન હતું. અંદરની રૂમમાં ખૂણા ખાંચરા કરોળીયાના જાળા અને ધૂળ ખાતી ફાઈલોના ઢગલાથી ઓળખાતી કસ્બા કચેરી મરામત સાથે નવિનીકરણ ઝંખી રહ્યું હતું. અનેકવાર રજુઆતો કરવા છતાં ઉદાસીનતા દાખવવામાં આવતાં કર્મચારીઓને અરજદારોને મુશ્કેલી પડતી હતી. એક તરફ જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત, પ્રાંત કચેરી, મામલતદાર કચેરી નવિન ઈમારતો બની રહી છે. તેવા સમયે ગોધરા કસ્બા કચેરીને નવિન બનાવવા માટે માંગ ઉઠી રહી હતી. ત્યારે કચેરીમાં કર્મશીલ તલાટી કમ મંત્રી ગૌરવ પટેલે ચાર્જ સંભાળવાની સાથે કાયાપલટ ક્રવા માટે પ્રયાસ આદર્યા હતા. પરંતુ સફળતા ન મળતાં ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજીને વેદના સંભળાવતા તેઓએ મરામત કામગીરી હાથ પર લીધી હતી. જેના ભાગરૂપ ચારેબાજુ સ્વચ્છતા રંગરોગાણ, બાંકડા અંદર સુરક્ષીત ફર્નિચર અલાયદો રેકર્ડ રૂમ, પરદા સાથેની બારીઓની સગવડતા ઉભી કરવામાં આવતાં આજે દુલ્હનની જેમ શણગારેલી કચેરી જોતાં સૌ કોઈ અરજદારો ખુશી અનુભવી રહ્યા છે.

# ગુજરાત જમીન વિકાસ નિગમ પંચમહાલના અધિકારીના ૨૦ માર્ચ સુધીના રિમાન્ડ મંજૂર

ગોધરા,
ગોધરામાં આવેલી ગુજરાત જમીન વિકાસ નિગમ (પંચમહાલ) કચેરીમાં ફરજ બજાવતા તત્કાલીન અધિકારી રાજેન્દ્રસિંહ કુશવાહની તપાસમાં આવક કરતા બેહિસાબી આવક મળી આવતા પોલીસે તેઓની ધરપકડ કરતા સ્પેશીયલ કોર્ટે તા.૨૦ સુધીના રિમાન્ડ મંજૂર કરવામા આવ્યું હતું.

સરકાર દ્વારા જમીનને સમથળ તથા ફળદ્રુપ કરવા માટે જરૂરી નાણાંકીય સહાય ખેડુતોને આપવામાં આવે છે. ગુજરાત જમીન વિકાસ નિગમના ભ્રષ્ટ અધિકારીઓ અને ખેડુતો વચ્ચે સાંઠગાંઠ રચીને કાગળ ઉપર જમીન વિકાસ કાર્યો કરીને સરકારી નાણાંને બારોબાર ચાંઉ કરી દેવામાં આવે છે. છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાત જમીન વિકાસ નિગમ દ્વારા આચરવામાં આવેલ ભ્રષ્ટાચાર સંદર્ભે તપાસનો દૌર શરૂ કરવામાં આવતા એક પછી એક દરેક જીલ્લામાં મસમોટું કૌભાંડ આચરીને કરોડોની ખાયકી કરવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું હતું. જેમાં પંચમહાલ જીલ્લામાં ગોધરા સ્થિત આવેલી કચેરીમાં પણ કૌભાંડ આચરાયું હતું. જેમાં ગોધરા કચેરીના અધિકારી રાજેન્દ્રસિંહ જયસિંહ કુશવાહની પણ સંડોવણી બહાર આવીને કરોડોની રકમ ખેડુતોને બદલે પોતે ચાઉં કર્યાનું જણાઈ આવ્યું હતું. જેથી સમગ્ર રાજ્યમાં ચકચાર જગાવનાર એસીબી (સ્ટેટ) દ્વારા ભ્રષ્ટાચાર અધિનિયમ મુજબ રાજેન્દ્રસિંહ જયસિંહ કુશવાહના સુપ્રિમ કોર્ટમાં આગોતરા જામીન નામંજૂર થતાં એસીબી પો.સ્ટે. મહિસાગરના પો.ઈ.આર.એન.પટેલ દ્વારા આરોપીની ધરપકડ કી સ્પેશીયલ કોર્ટ એસીબી પંચમહાલ ખાતે રજુ કરી રિમાન્ડની માંગણી કરાતી હતી. જેથી કોર્ટે તા.૨૦/૦૩/૨૧ સુધીના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા.

# ગોધરામાં ચેક રીટર્ન કેસમાં આરોપીને એક વર્ષની જેલ અને ૫ લાખનું વળતર આપવા ગોધરા કોર્ટનો ચુકાદો

ગોધરા,
ગોધરામાં એક ફાયનાનસ પેઢીમાંથી નાણા મેળવીને તે ૨ કમ પરત ચુકવણી કરવા આરોપીએ લખી આપેલ ચેક બેંક માંથી પરત થવાના કેસમાં ગોધરા કોર્ટે આરોપીને ચેક રીટર્નના ગુનામાં તકસીરવાન ઠરાવીને આરોપીને એક વર્ષની જેલની સજા નો હુકમ અને રૂપીયા ૫ લાખ નુ વળતર ફરીયાદીને એક મહીનામાં ચુકવી આપવાનો મહત્વનો ચુકાદો આપેલ છે. વીગતવાર મળેલી માહીતી મુજબ ફરીયાદી સારથી એસોસીએટસ રહેવાસી પાંજરાપોડ ગોધરા માંથી આરોપી મૌલીક અશોકકુમાર શાહ રહેવાસી પદ્મશ્રી ઈલેકટ્રીકલ્સ, પાંજરાપોળ રોડ, ગોધરાએ રૂપીયા ૫ લાખની લોન લીધી હતી અને તે લોનની રકમની પરત ચુકવણી માટે આરોપીએ ફરીયાદી સંસ્થાને રૂપીયા ૫ લાખના એચડીએફસી બેંક ગોધરા શાખાના ચેક લખી આપેલ હતા. સદર ચેક ફરીયાદીએ પોતાની ધી જનતા કો ઓ બેંક મારફતે કલીયરીંગ માટે બેંકમાં રજુ કરતા બેંકે સદર ચેક ઈનસફીસીયન્ટ બેલેન્સ ના કારણે પરત કરેલ. તેથી ફરીયાદી સંસ્થાએ આરોપીને કાયદેસરની નોટીસ આપવા છતા આરોપીએ ચેકની રકમની ચુકવણી કરેલી નહી. આખરે ફરીયાદી સંસ્થા સારથી, એસોસીએટસએ પોતાના અધીકારી જસવંતભાઈ બારીયા મારફતે ગોધરાની કોર્ટમાં ચેક રીટર્નના ગુનાની ફરીયાદ દાખલ કરેલી. તે ફરીયાદ કોર્ટમાં ચાલી જતા બંને પક્ષકારોએ રજુ કરેલા પુરાવાઓ અને ફરીયાદી તરફે એડવોકેટ અશોક એ સામતાણીની દલીલોને ધ્યાનમાં લઈને ગોધરાના ત્રીજા જયુ.મેજી.ફ.કલાસ જજ એસ.આઈ. ચૌહાણ એ આરોપી મૌલીક અશોકકુમાર શાહને નેગોશીએબલ ઈન્સટ્રુમેનટ એકટ ની કલમ ૧૩૮ ના ગુનામાં તકસીરવાન ઠરાવીને આરોપીને એક વર્ષની જેલની સજા નો હુકમ કરેલ છે. અને આરોપીએ ફરીયાદીને રૂપીયા ૫ લાખનું વળતર એક મહીનામાં ચુકવી આપવાનો દાખલો બેસાડતો મહત્વનો ચુકાદો જાહેર કરેલ છે.

# ઘોઘંબાના ગુણેશીયા ગામે કુવા માંથી મળેલ લાશ ૩ દિવસ બાદ હત્યા થઈ હોવાનો ખુલાસો



ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના ગુણેશીયા ગામે માળ ફળીયામાં આવેલ કુવામાં મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસ ઘટના સ્થળે આવી કુવા માંથી યુવાનનો મૃતદેહ કબ્જે લીધો હતો. આ બાબતે દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

- પત્નીના પ્રેમીની હત્યા પતિ દ્વારા કરાઈ હતી.
- પોલીસે બે વ્યકિત સામે હત્યાનો ગુનો નોંધ્યો.

પોલીસ તપાસમાં પતિએ પત્નીના પ્રેમીને તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકીને હત્યા કરી કુવામાં ફેંકી દીધો હતો. આ બાબતે બે વ્યકિત સામે હત્યાનો ગુનો નોંધાવા પામ્યો છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબાના ગુણેશીયા ગામે માળ ફળીયાના નજીક આવેલ ખેતરન કુવામાંથી ૧૩ માર્ચના રોજ મૃતદેહ તરી રહ્યો હોવાનું જણાતા દામાવાવ પોલીસને જાણ કરાઈ હતી. પોલીસે કુવામાંથી ૨૫ થી ૩૦ વર્ષીય યુવાનનો મૃતદેહ બહાર કાઢ્યો હતો. મૃતક યુવાનના હાથ ઉપર સંજય એમ લખેલ હતું. પોલીસે આ બાબતે અ.મોતનો ગુનો નોંધેલ હતો. પોલીસ તપાસમાં ગુણેશીયા ગામે કુવામાંથી મળી આવેલ હતી. તેની તપાસમા ખુલવા પામ્યું છે કે, ગુણેશીયા ગામની પત્નીના પ્રેમીની હત્યા પતિ દ્વારા તિક્ષ્ણ હથિયારના ઘા મારીને હત્યા ચાર દિવસ અગાઉ કરાઈ હતી અને હત્યા કરેલ પોલીસે મૃતદેહ ગળે પટ્ટી બાંધીને કુવામાં ફેંકી દેવામાં આવ્યો હતો. દામાવાવ પોલીસે હત્યાના ગુનામાં બે વ્યકિતઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધી તપાસ કાર્યવાહી હાથ ધરી છે.

# કાલોલના અલવા ગામે JCBની અડફેટમાં બાઈક ચાલકનું મોત

કાલોલ,
કાલોલ તાલુકાના અલવા ગામે સીંગલ પટ્ટી રોડ ઉપર જેસીબીના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈક ચાલકને અડફેટમાં લેતા ચાલક પાછળ બેઠેલ વ્યક્તિ ફંગોળાઈને રોડ ઉપર પડ્યા હતા. જેમાં ૨૨ વર્ષીય યુવાનને ગંભીર ઈજાઓ સારવાર અર્થે ખસેડતા મોત નિપજાવા પામ્યું. પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના અલવા ગામે સીંગલ પટ્ટી રોડ ઉપર થી પસાર થતાં જેસીબી નંબર જીજે.૧૭.એકસ.૮૧૧૭ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવતો હતો અને મોટર સાયકલ નં.જીજે.૨૭.એ.૬૭૪૮ ને અડફેટમાં લીધી હતી. જેને લઈ બાઈક ચાલક ધર્મેશ નરવતભાઈ ઓડ ઉ.વ.૨૨ તથા મુકેશ કાળુભાઈ ઓડ બાઈક ઉપરથી રોડ ઉપર ફંગોળાઈ ગયા હતા. જેમાં ધર્મેશ ઓડને ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે વડોદરા એસ.એસ.જી.માં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં દવા સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરાના પરવડી ગામે અજાણ્યા વાહન બાઈકને ટકકર મારતાં બાઈક પાછળ બેઠેલ વ્યકિતનું મોત

ગોધરા,
ગોધરા તાલુકાના પરવડી ગામે જલારામ ત્રણ રસ્તા હાઈવે રોડ ઉપ અજાણ્યા વાહન ચાલકે બાઈકને અડફેટમાં લીધી હતી. જેમાં બાઈક ચાલક અને પાછળ બેઠેલ વ્યકિતને ઈજાઓ પહોંચડતા પાછળ બેઠેલ વ્યકિતનું ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના પરવડી ગામે જલારામ ત્રણ રસ્તા ચોકડી પાસે અજાણ્યા વાહન ચાલક પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવતો હોય જેને બાઈક નંબર જીજે.૧૭.બીબી.૫૦૧૫ને પાછળ થી ટકકર મારી હતી. જેને લઈ બાઈક ચાલક સંકેત તથા પાછળ બેઠેલ નારાયણસિંહ કાંતિભાઈ બારીયાને ઈજાઓ પહોંચાડી હતી. જેમાં નારાયણસિંહ બારીયાને ગંભીર ઈજાઓ થતાં ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

મહીસાગર જિલ્લાનાં કાણેસરગામના બાળકને શરીરની કરોડની નશો સુકાતી અટકાવવા તેના ઈલાજમાટે એક ઈન્જેકશન ખરીદવાં ૧૬ કરોડ રૂપિયાની જરૂર ઉપસ્થિતિ થઈ છે. ધૈયરાજસિંહ ના સ્વાસ્થ્યનીં ગંભીર નોંધ લઈ અનેક જિલ્લાના સેવાભાવી સંસ્થાઓ અને યુવાનો ઠેર-ઠેર મદદ માટે ફંડ એકત્ર કરવાનું કાર્ય ચાલી રહ્યું છે.જ્યારે કાલોલ તાલુકાના ડેરોલગામનાં ગણેશ યુવક મંડળ દ્વારા પણ યુવાનો સહભાગી બની ફંડ એકત્ર કરવાનું કાર્ય શરૂ કર્યું.

# ધૈર્યરાજસિંહ માટે ફંડ ઉઘરાવતાં ઘોઘંબાના નવયુવાનો



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
મહિસાગર જિલ્લામાં કાનેસર ગામના રહેવાસી રાઠોડ રાજદીપસિંહના ત્રણ માસના બાળક ધૈર્યરાજસિંહ ને SMA-1 નામની ગંભીર બીમારી છે. તેને બીમારીમાંથી બહાર લાવવા માટે ૧૬ કરોડ રૂપિયાના ઈન્જેકશન ની જરૂરિયાત છે. જ્યારે સમગ્ર રાજ્યમાંથી સર્વધર્મ સમભાવની ભાવનાથી મદદ કરવા માટે અવિરત પ્રતિસાદ મળી રહ્યો છે.

આજે ઘોઘંબા ગામ ના તમામ નવ યુવાનો દ્વારા સતત ત્રણ દિવસ જેટલો સમય ફાળવી મામલતદાર કચેરી, ઘોઘંબાના ચાર રસ્તા પર એકત્ર રહી નાણાકીય ફાળો ઉઘરાવી તાલુકાના તમામ લોકોને મદદ માટે જોડી રહ્યા છે. જેમાં તમામ યુવાનો દ્વારા રકમ એકત્રિત થશે તે બધી રકમ ભેગી કરીને ધૈર્યરાજસિંહનુ જીવન બચાવવા માટે તેના પરિવારજનોને આ રકમ અર્પણ કરવામાં આવશે. હજુ પણ આ બાળક માટે કોઈ પણ પ્રકારની જરૂરિયાત ઊભી થશે તો તમામ યુવાનો ફરીથી પણ તમામ પ્રકારની મદદ કરવા માટે અડગ ઊભા રહેશે.